# <u>દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી</u>

## <u>યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ,</u>

## <u>સુરત–૭</u>

**<u>ખાનગી</u>**
**ફકત સભ્યોની જાણ માટે**

**<u>સિન્ડિકેટની સામાન્ય સભા</u>**
**તા: ૧૭/૧૯/૨૧/૨૩–૪–૨૦૦૩**

### –: <u>કાર્યવાહી</u> :–

સિન્ડિકેટની **સામાન્ય સભા** તા: ૧૭/૧૯/૨૧/૨૩–૪–૨૦૦૩ ના રોજ અનુક્રમે બપોરે ૧૨–૦૦ કલાકે, ૧–૦૦ કલાકે, ૩–૩૦ કલાકે, અને ૩–૦૦ કલાકે યુનિવર્સિટી ના કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| ક્રમ | સભ્યશ્રીઓનું નામ | તારીખ | | | |
|---|---|---|---|---|---|
| | | ૧૭–૪–૦૩ | ૧૯–૪–૦૩ | ૨૧–૪–૦૩ | ૨૩–૪–૦૩ |
| ૧. | શ્રી પ્રેમકુમાર શારદા (કુલપતિશ્રી) | હાજર | હાજર | હાજર | હાજર |
| ૨. | ડૉ. જયેન્દ્રકુમાર જગન્નાથ ભટ્ટ (ઉપ કુલપતિશ્રી) | હાજર | હાજર | હાજર | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર | ગેરહાજર | ગેરહાજર | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર | ગેરહાજર | ગેરહાજર | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમન પ્રતિનિધિ | ગેરહાજર | ગેરહાજર | ગેરહાજર | ગેરહાજર |
| ૬. | આચાર્યશ્રી રસેશ ચંદ્રસુખરામ શુકલ | હાજર | હાજર | હાજર | હાજર |
| ૭. | આચાર્યશ્રી ડૉ. બોમી બરજોરજી કાવીના | હાજર | ગેરહાજર | ગેરહાજર | ગેરહાજર |
| ૮. | ડૉ. કિશોર રતીલાલ દેસાઈ | હાજર | હાજર | હાજર | ગેરહાજર |
| ૯. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર | હાજર | હાજર | હાજર |
| ૧૦. | પ્રા.ડૉ. ભાસ્કર મહેન્દ્રપ્રસાદ રાવલ | ગેરહાજર | ગેરહાજર | ગેરહાજર | ગેરહાજર |
| ૧૧. | પ્રા. ગિરીશભાઈ નવનીતલાલ રાણા | હાજર | હાજર | હાજર | હાજર |
| ૧૨. | શ્રી. કિશોરભાઈ રામજીભાઈ વાઘેલા | હાજર | ગેરહાજર | ગેરહાજર | હાજર |
| ૧૩. | પ્રા. અનિલભાઈ જગદીશચંદ્ર ગોયલ | હાજર | હાજર | હાજર | હાજર |
| ૧૪. | પ્રા. ભગવાનદાસ ગાંડાલાલ પંચાસરા | હાજર | હાજર | હાજર | હાજર |

સભાનું કામ શરૂ થાય તે પહેલાં બે શોક દર્શક ઠરાવ રજૂ કરવામાં આવ્યાં હતા. જેને સભા ગૃહે ૨ મિનિટનું મૌન પાળી પસાર કર્યા હતાં.

## (૧) સ્વ. પ્રા. જી.એન.દેસાઈ :–

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની આ સભા શહેરના ખ્યાતનામ આર્કિટેક એન્જિનીયર પ્રા. ગુણવંતરાય નાનુભાઈ દેસાઈનું તા: ૧૩–૪–૨૦૦૩ના રોજ થયેલ દુ:ખદ નિધન બદલ ઘેરા શોક અને આઘાતની લાગણી અનુભવે છે.

સ્વ. પ્રા. જી.એન.દેસાઈ જાણીતા ઈતિહાસકાર શ્રી નાનુભાઈ કુંવરજી દેસાઈના જયેષ્ઠ પુત્ર હતાં. તેમણે બી.ઈ. સીવીલ એન્જિનીયરીંગની પદવી સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમે અનેક સુવર્ણ ચંદ્રકો સાથે પ્રાપ્ત કરી હતી. માસ્તર ડિગ્રી અમેરિકામાં મેળવી ૧૯૬૦ થી ૧૯૭૬ સુધી સુરતની સરદાર વલ્લભભાઈ રીજીઓનલ એન્જિનીયરીંગ કોલેજમાં એપ્લાઈડ મીકેનીકસ વિભાગમાં હેડ તરીકે સેવા આપી હતી. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનામાં આગળ પડતો ભાગ ભજવી ઘણાં વર્ષો સુધી સેનેટ/ સિન્ડિકેટ  તેમજ બાંધકામ સમિતિના સભ્ય પદે સેવા આપી હતી.

તેમન અકાળ અવસાનથી તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલી આપત્તિ સહન કરવાની પ્રભુ શકિત આપે તેમજ સ્વર્ગસ્થ ના પવિત્ર આત્માને ચિરશાંતિ આપે એવી આ સભા પ્રાર્થના કરે છે.

## (૨) શ્રી જહાંગીરજી નવરોજજી મીરઝા :–

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની  આ સભા સેનેટ સભ્યશ્રી હોશંગ મીરઝાના પિતાશ્રી શ્રી જહાંગીરજી નવરોજજી મીરઝાના તા: ૧૭–૪–૨૦૦૩ના રોજ થયેલ દુ:ખદ નિધન બદલ ઘેરા શોક અને આઘાતની લાગણી અનુભવે છે.

તેઓ પ્રેમાળ, માયાળુ અને સહુની સાથે ભળી જતાં સાદુ અને પ્રમાણિક જીવન કઠોર પરિશ્રમ, ઉચ્ચ વિચારસરણી અને સેવા ભાવના તેમની જીવન શૈલીમાં વણાયેલાં રહયા હતાં. સ્વભાવે નિરાભિમાની, મૃદુ અને મિલનસાર હોવાને કારણે સમાજમાં અને કુટુંબીજનોમાં ઘણી ચાહના પ્રાપ્ત કરી હતી. તેઓ વાંસદાની અનેક શૈક્ષણિક અને સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાયેલા હતાં.

પ્રભુ તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલી આપત્તિ સહન કરવાની શકિત આપે તેમજ સ્વર્ગસ્થ ના પવિત્ર આત્માને ચિરશાંતિ આપે તે માટે આ સભા પરવર દીગારને હૃદયપૂર્વક પ્રાર્થના કરે છે.

(૧) સિન્ડિકેટ તાઃ ૨૮–૨–૨૦૦૩ ની સામાન્ય સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: સિન્ડિકેટની તાઃ ૨૮–૨–૨૦૦૩ની સામાન્ય સભાની કાર્યવાહી પાના નં. ૩ ઉપર બાબત ૬ ના ઠરાવની બીજી લીટીમાં પ્રવેશ આપવા પછી "અને તે" શબ્દ ઉમેરી સર્વાનુમતિએ મંજૂર કરવામાં આવી હતી અને ત્યારબાદ અધ્યક્ષશ્રીએ સહી કરી હતી.

(૨) સિન્ડિકેટ તાઃ ૧૧–૩–૨૦૦૩ ની સામાન્ય સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: સિન્ડિકેટની તાઃ ૧૧–૩–૨૦૦૩ની સામાન્ય સભાની કાર્યવાહી યથાવત સર્વાનુમતિએ મંજૂર કરવામાં આવી હતી અને ત્યારબાદ અધ્યક્ષશ્રીએ સહી કરી હતી.

(૩) શ્રી નવચેતન એજ્યુકેશન સોસાયટી, વાલિયા સંચાલિત વાલિયાની શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કોલેજને નવા જોડાણના સંદર્ભમાં સરકારશ્રીના શિક્ષણ વિભાગની સૂચનાનુસાર પાંચ વર્ષની મુદ્દત માટે રૂા. ૬,૦૦,૦૦૦/– ( અંકે રૂા. છ લાખ પૂરા ) ની ફિકસ્ડ ડિપોઝિટ યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને સંચાલક મંડળના પ્રતિનિધિના સંયુકત નામે મૂકવામાં આવેલી ડિપોઝિટની મુદ્દત તાઃ ૨૭–૩–૨૦૦૧ના રોજ પુરી થઈ છે, અને હવે તે રકમ સંસ્થાને કોલેજ બાંધકામ માટે ઉપાડવાની મંજૂરી માટે પ્રસ્તુત સોસાયટીના મંત્રીશ્રીએ તેમના તાઃ ૧૮–૩–૨૦૦૧ના પત્રાંકઃ ૨૨૬/૨૦૦૦–૦૧ થી કરેલ વિનંતી ઉપર સિન્ડિકેટે, તેની તાઃ ૧૬–૫–૨૦૦૧ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંકઃ (૧૪) અન્વયે, વિચારણા કરી "જયાં સુધી સીધા પગાર હેઠળ કોલેજને આવરી લેવામાં ન આવે ત્યાં સુધી પ્રસ્તુત ડિપોઝિટની રકમ પરત કરવી નહીં અને પગાર વિગેરેની વિગત મંગાવવીને ત્યારબાદ, નિર્ણય લેવાનું રાખવું એમ ઠરાવતાં પ્રસ્તુત ઠરાવના સંદર્ભમાં સદરહુ સોસાયટીના મંત્રીશ્રીએ તેમના તાઃ ૬–૩–૦૩ના પત્રાંકઃ ૩૮૨/૨૦૦૨–૦૩ થી સ્ટાફના પગારબીલનો ડ્રાફ્ટ નં. ૯૯૬૪૫૯, તાઃ ૪–૩–૨૦૦૩ના રોજ બેંક ઓફ બરોડા, વાલિયાને ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રીની કચેરીના તાઃ ૫–૩–૦૬ના

પત્રાંક: કેડીપી/૨૭૭૬/૨૮૫૦ થી મોકલ્યો છે, પ્રસ્તુત એફ.ડી.આર. ઉપાડવાની મંજૂરી આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતમાં કોલેજને સીધા પગાર હેઠળ આવરી લેવામાં આવી છે, જેથી ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના નિયમ મુજબ પાંચ વર્ષની મુદ્દત માટે મુકેલ રૂા. ૬,૦૦,૦૦૦/– ની ફિક્સ ઉપાડવાની મંજૂરી આપવામાં આવે છે.

(૪) સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સુરત સંચાલિત શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરતને 'એપ્રુવ્ડ ઈન્સ્ટિટયૂશન' તરીકે માન્યતા મેળવવા પ્રસ્તુત સોસાયટીના મંત્રીશ્રીએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતમાં સંસ્થાને પત્ર લખી નીચે મુજબની માહિતી મેળવવી.

(૧) કયા વિષયમાં સંશોધન કરવા માંગે છે તેની સ્પષ્ટતા કરવી.

(૨) સંશોધન માટે લાયકાત ધરાવતાં શૈક્ષણિક સ્ટાફની યાદી.

(૩) પી.એચડી. ગાઈડની યાદી.

(૫) નર્મદા કોલેજ ઓફ મેનેજમેન્ટ, ઝાડેશ્વરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી સ્વનિર્ભર અભ્યાસક્રમ એમ.બી.એ. નું ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના નિયામકશ્રીએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતમાં નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) પ્રા. ભગવાનદાસ પંચાસરા (૨) પ્રા. ગીરીશભાઈ રાણા

(૩) ડો. સત્યેન્દ્રકુમાર (૪) પ્રિ. ભરતભાઈ નાયક

(૬) બારડોલી પ્રદેશ કેળવણી મંડળ, બારડોલી સંચાલિત શ્રીમદ્ રાજચંદ્ર ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એપ્લીકેશન, તરસાડીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી સ્વનિર્ભર અભ્યાસક્રમ એમ.એસસી. (કોમ્પ્યુટર સાયન્સ) નું નવુ જોડાણ મેળવવા પ્રસ્તુત મંડળના

પ્રમુખશ્રીએ તેમના તા. ૬–૩–૨૦૦૩ સાથે યુનિવર્સિટીને જોડાણ અરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં સંસ્થાની દરખાસ્ત "નામંજૂર" કરવી.

(૭) ધી બોમ્બે પટેલ વેલફેર સોસાયટી, ભરૂચ દ્વારા ભરૂચ મુકામે હોમિયોપેથીક કોલેજ શરૂ કરવા પ્રસ્તુત સોસાયટી તરફથી યુનિવર્સિટીને મોકલેલ જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોશ્રીઓએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧–૧૦–૨૦૦૨ ના રોજ મળેલ સભાની ભલામણ ઉપર સિન્ડિકેટે, તેની તા.૧૯–૧૨–૨૦૦૨ ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક : (૪) અન્વયે, વિચારણા કરી, સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ હોમિયોપેથીની મંજૂરી મળી નથી અને શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ નો પ્રવેશ પુરો થઈ ગયો છે. જેથી સને ૨૦૦૩–૨૦૦૪ થી શરૂ કરવા માગતા હોય તો ફરીથી અરજી કરવા જણાવવું એમ ઠરાવતાં પ્રસ્તુત ઠરાવની જાણ પ્રસ્તુત સોસાયટીને યુનિવર્સિટી કાર્યાલયના તા. ૨૯–૧–૨૦૦૩ ના પત્રાંક : એસ.એ.(હોમિ.)(૦૩)/૯૬૦ થી જાણ કરતાં, સદરહુ સોસાયટીના પ્રમુખશ્રીએ તેમના તા. ૭–૨–૨૦૦૩ ના પત્રાંક : અનુ. નં.ભ.હો/૧૬૧/૨૦૦૩ થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં સોસાયટીની દરખાસ્ત સિન્ડિકેટની સભા સ્વીકારતી નથી તેમજ ફરીથી અરજી કરવા પત્ર લખી સોસાયટીને જાણ કરવી.

(૮) યુનિવર્સિટી સંલગ્ન શ્રી મણીલાલ કડકિયા કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ સ્ટડીઝ, અંકલેશ્વરમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ. નું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજીના સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર સિન્ડિકેટે, તેની તા: ૮–૨–૨૦૦૨ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક: (૧૮) અન્વયે, વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવેલ શરતોનું એક માસમાં પરિપાલન કરી યુનિવર્સિટીને જાણ કરવા માટે પ્રસ્તુત કોલેજને યુનિવર્સિટી તરફથી તા: ૭–૩–૨૦૦૨ના પત્રાંક : ૨૯૨ /૦૩ થી જાણ

કરવામાં આવી હતી, પ્રસ્તુત કોલેજે તેની તા: ૧૧–૪–૨૦૦૨ના પત્રાંક: ૧૫૫/એપ્રિલ/૨૦૦૨ થી તથા તા: ૧૬–૧–૨૦૦૩ ના પત્રાંક: ૨૯૨/૦૩ના પત્રો ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતમાં જવાબ તપાસસમિતિ સમક્ષ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ નીમવી :

(૧) પ્રા. ભગવાનદાસ પંચાસરા

(૨) ડૉ. કિશોરસિંહ દેસાઇ

(૩) પ્રા. શ્રી વિનોદભાઇ પટેલ

(૯) આર.કે.દેસાઇ મેમોરિયલ ટ્રસ્ટ, વાપી સંચાલિત આર.કે.દેસાઇ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપીની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ.નું ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત ટ્રસ્ટના ચેરમેનશ્રીએ તેમના તા: ૧૧–૩–૨૦૦૩ના પત્રાંક: આરકેડીએમટી/૭૦૦/૨૦૦૩ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતમાં નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) પ્રા. ગીરીશભાઇ રાણા

(૨) પ્રા. ભગવાનદાસ પંચાસરા

(૩) શ્રી કિશોરભાઇ વાઘેલા

(૪) ડૉ. કિશોરસિંહ દેસાઇ

(૫) પ્રિ. વિનોદભાઇ પટેલ

(૧૦) રોફેલ શ્રી જી.એમ.બિલખીયા કોલેજ ઓફ એપ્લાઇડ સાયન્સીસ, વાપીનું સ્વનિર્ભર બી.એસસી. અને બી.સી.એ. અભ્યાસક્રમનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતમાં નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) પ્રા. કે.આર. દેસાઇ

(૨) પ્રિ.ડૉ. ભાસ્કરભાઇ રાવલ

(૩) પ્રા. અનિલભાઇ ગોયેલ

(૪) પ્રા. પી.એચ.ભાઠાવાલા

(૫) પ્રા. એસ.વી.પટેલ

(૬) ડૉ. નવીનભાઇ શેઠ

(૧૧) રોફેલ શ્રી જી.એમ.બિલખીયા કોલેજ ઓફ ફાર્મસી, વાપીનું સ્વનિર્ભર ફાર્મસી, અભ્યાસક્રમનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

| | | | |
|---|---|---|---|
| (૧) | પ્રા. કે.આર. દેસાઇ | (૨) | પ્રિ.ડૉ. ભાસ્કરભાઇ રાવલ |
| (૩) | પ્રા. અનિલભાઇ ગોયેલ | (૪) | પ્રા. પી.એચ.ભાઠાવાલા |
| (૫) | પ્રા. એસ.વી.પટેલ | (૬) | ડૉ. નવીનભાઇ શેઠ |

(૧૨) શ્રી રજજુ શ્રોફ રોફેલ ઇન્સ્ટિટયૂટ ઓફ બી.બી.એ. પ્રોગ્રામ, વાપીનું બી.બી.એ. સ્વનિર્ભર અભ્યાસક્રમનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ચાલુ જોડાણ મેળવવા માટે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

| | | | |
|---|---|---|---|
| (૧) | આ.શ્રી. આર.સી. શુકલ | (૨) | પ્રા. ભગવાનદ્દાસ પંચાસરા |
| (૩) | પ્રા. ગીરીશભાઇ રાણા | (૪) | શ્રી મનોજભાઇ જોશી |

(૧૩) સ્વાધ્યાય મંડળ, વૈદિક રીસર્ચ ઇન્સ્ટિટયુટ, કિલ્લા–પારડી (જિ.વલસાડ)માં સંસ્કૃત ભાષામાં પી.એચડી.ના વિદ્યાર્થીઓના માર્ગદર્શન મેળવવા " રેકગ્નાઇઝડ ઇન્સ્ટિટયુશન " તરીકેની માન્યતા શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી વધુ લંબાવવા માટે પ્રસ્તુત મંડળના ટ્રસ્ટીશ્રીએ તેમના તા: ૧૩–૩–૦૩ના પત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

| | | | |
|---|---|---|---|
| (૧) | ડૉ. જયેન્દ્ર ભટ્ટ | (૨) | આ.શ્રી. આર.સી. શુકલ |
| (૩) | પ્રા. જતીનભાઇ પંડયા | (૪) | પ્રા. હંસાબેન કથિરિયા (આયુર્વેદિક) |

(૧૪) અંગ્રેજી વિભાગની હાયર ફીઝ આવકની રકમનું વર્ષ ૨૦૦૨–૨૦૦૩નું બજેટ જે આ સાથે સામેલ છે તે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

**(અંગ્રેજી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે.

(૧૫) કુલસચિવ, કન્ટ્રોલર ઓફ એકઝામીનેશનની જગાઓ માટે ઘડવામાં આવેલ સ્ટેટયૂટ ૨૧૧ થી ૨૨૨ સેનેટની તારીખ: ૩૦–૦૩–૨૦૦૩ની સભામાં રજૂ કરતાં પ્રસ્તુત બાબત રીફરબેક કરવામાં આવી હોય જે અંગે પુન: વિચારણા કરવા બાબત તથા તે કોના ધ્વારા સેનેટમાં રજૂ (MOVE) કરાવવી તે અંગે વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

:: ઉપરોકત બાબત મુલતવી રાખવામાં આવી.

(૧૬) વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ ધ્વારા તા: ૨–૧૦–૭૮ થી શરૂ કરવામાં આવેલ નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગની નાણાંકીય જવાબદારી ( પગાર અંગેની ) તા: ૧–૪–૨૦૦૦ સુધી સ્વીકારી હતી. ત્યારપછીની તા: ૧–૫–૨૦૦૦ થી માર્ચ–૨૦૦૧ સુધીનો ૧૦ માસનો પગાર જે યુજીસી ગ્રાન્ટ માંથી ચૂકવેલ તે રકમ રૂા. ૧૨,૬૦,૭૯૫/– જનરલ ગ્રાન્ટ ફંડમાં તબદીલ કરી નિરંતર શિક્ષણ વિભાગના કર્મચારીઓને છૂટા કરવા અંગે સિન્ડિકેટે તેની તા: ૨૨–૭–૨૦૦૨ના સભાના ઠરાવ નં. ૧૬ થી ઠરાવેલ છે. આ સંજોગોમાં યુનિવર્સિટી સ્ટેટયુટ ૨૯૧ અંતગર્ત દર્શાવેલ નિરંતર શિક્ષણ અને વિસ્તરણકાર્ય વિભાગ ( Department of continuing Education and Extension work ) ને સદર સ્ટેટયુટ માંથી રદ કરવા કે કેમ. તે અંગે વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં સિન્ડિકેટ તેની તા: ૨૨–૭–૨૦૦૨ની સભાના ઠરાવ નં. ૧૬ મુજબ નિરંતર શિક્ષણ વિભાગના કર્મચારીઓને છૂટા કરવા પુન: ઉચ્ચારણ કરે છે, અને તે ઠરાવના અમલનો આગ્રહ કરે છે. તે ઠરાવ અનુસાર સંબંધિત વિભાગના કર્મચારીઓને જરૂરી નોટીસ આપીને તાત્કાલિક છુટા કરવાની કાર્યવાહી કરવા આદેશ આપે છે.

(૧૭) ભારત બંધારણ (અનુસૂચિત જાતિઓ) હુકમ (બીજો સુધારો અધિનિયમ, ૨૦૦૨ અન્વયે, ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં કરવામાં આવેલ સુધારા–વધારા અંગે વંચાણે લીધેલ ક્રમાંક: ૩ આગળ દર્શાવેલ અધિનિયમ એટલે કે The constitution (Scheduled , Castes ) Orders (Second Amendment) Act, 2002. No. 61. of 2002 (તા: ૧૭–૧૨–૨૦૦૨) લોક સભાએ પસાર કરેલ છે અને ન્યાય મંત્રાલય, વૈધાનિક વિભાગ નવી દિલ્હી ધ્વારા તા : ૧૮ – ૧૨ – ૨૦૦૨ ના અસાધારણ રાજયપત્ર ક્રમાંક : રજીસ્ટ્રાર નંબર ડી.એલ. ૩૩૦૦૪–૨૦૦૨ થી પ્રસિધ્ધિ આપવામાં આવે છે. જેમાં ક્રમાંક: ૩ સામેના ભાગ–૪ માં એન્ટ્રી નંબર–૪ અને એન્ટ્રી નંબર–૫ માં જાતિઓ અંગે જે સુધારા–વધારા કરેલ છે. જેની અમલવારી અંગે વધુ વિગતવાર સ્પષ્ટતાઓ કરતી સુચનાઓ સરકાર કક્ષાએ નક્કી કરવા અને તે અંગે ઠરાવ રવાના કરવા વિનંતી કરેલ છે. તો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય ગાંધીનગરનો તા: ૫–૩–૨૦૦૩નો પત્ર અવલોકનમાં લઈ સંલગ્નો કોલેજો તેમજ

માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને પરિપત્રિત કરવા અંગે વિચારણા કરવા બાબત. **(એસ.સી/એસ.ટી સેલ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતે સામાજિક ન્યાય અને અધિકારીના વિભાગ સચિવાલય, ગાંધીનગરના તા: ૫–૩–૨૦૦૩ના પત્રનો અમલ કરવા સંલગ્ન કોલેજો તેમજ માન્ય સંસ્થાઓને પરિપત્રિત કરવો.

(૧૮) સિન્ડિકેટની તા: ૨૮–૧–૨૦૦૩ના ઠરાવ ક્રમાંક: ૧૬ અન્વયે યુનિવર્સિટીએ બનાવેલ સેલ અંત:ગત ફોરેન લેંગ્વેજના સર્ટિફિકેટ અભ્યાસક્રમ શરૂ કરવા બનાવેલ સમિતિની ભલામણો અંગે વિચારણા કરવા બાબત. **(સીડીસી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં ફોરેન લેંગ્વેજના સર્ટિફિકેટ અભ્યાસક્રમ શરૂ કરવા બનાવેલ સમિતિની ભલામણો અંગે વિચાર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

(૧૯) શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર, જી.વલસાડ ને ૨૦૦૨–૨૦૦૩ના વર્ષ માટે રેમેડિયલ કોચીંગ કલાસ ચલાવવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને તેમના તા: ૨૭–૦૨–૨૦૦૩ના પત્રાંક: એફ: ૧૫–૧૪/૨૦૦૧ (Rew-૯૭)(SCT) રૂ. ૧,૦૦,૦૦૦/– (એક લાખ પુરા) બીજા હપ્તાની વધુ ગ્રાન્ટ મંજુર કરી છે. જે જાણ તેમજ નોંધ લેવા સારું. **(એસસી/એસટી સેલ)**

:: ઉપરોકત બાબતની નોંધ લેવામાં આવી.

(૨૦) સ્વનિર્ભર બી.એડ. અને ફીઝીકલ એજયુકેશન અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૦૩ ની સૂચિત સત્ર વ્યવસ્થા તૈયાર કરવા સિન્ડિકેટે તેની તા: ૨૮–૦૧–૦૩ ની સભામાં નિયુકત કરેલ પેટાસમિતિએ તૈયાર કરેલ નીચે પ્રમાણેની સૂચિત સત્ર વ્યવસ્થા પર વિચારણા કરવા બાબત. **(શૈક્ષણિક)**

**<u>બી.એડ. અને ફીઝીકલ એજયુકેશન અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ માટે</u>**
**<u>શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૦૩ માટેની સૂચિત સત્ર વ્યવસ્થા</u>**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ સત્ર | મંગળવાર, તા: ૧૫–૧૦–૨૦૦૨ | થી | શનિવાર, તા: ૨૮–૧૨–૨૦૦૨ |
| સત્રાંત વેકેશન | રવિવાર, તા: ૨૯–૧૨–૨૦૦૨ | થી | મંગળવાર, તા: ૩૧–૧૨–૨૦૦૨ |
| ધ્વિતીય સત્ર | બુધવાર, તા: ૦૧–૦૧–૨૦૦૩ | થી | શનિવાર, તા: ૧૯–૦૭–૨૦૦૩ |

શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ ના પ્રથમ સત્રની શરૂઆત ગુરૂવાર, તા: ૨૬–૦૬–૨૦૦૩ ના રોજ અન્ય ગ્રાન્ટેડ કોલેજો સાથે કરવી.

:: આથી ઠરાવવામાં આવે છે કે, નીચે મુજબની સત્ર વ્યવસ્થા કરવી.

**<u>બી.એડ. અને ફીઝીકલ એજયુકેશન અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ માટે</u>**
**<u>શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૦૩ માટેની સૂચિત સત્ર વ્યવસ્થા</u>**

| | |
|---|---|
| પ્રથમ સત્ર | તા: ૧–૧૧–૨૦૦૨ થી તા: ૨–૩–૨૦૦૩ |
| સત્રાંત વેકેશન | તા: ૩–૩–૨૦૦૩ થી તા: ૧૫–૩–૨૦૦૩ |
| ધ્વિતીય સત્ર | તા: ૧૭–૩–૨૦૦૩ થી તા: ૧૬–૭–૨૦૦૩ |
| ઉનાળુ વેકેશન | તા: ૧૭–૭–૨૦૦૩ થી તા: ૧૪–૮–૨૦૦૩ |

શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ ના પ્રથમ સત્રની શરૂઆત શુક્રવાર, તા: ૧૫–૦૮–૨૦૦૩ ના રોજ થી કરવી.

(૨૧) બોર્ડ ઓફ સ્પોટર્સ ફિઝીકલ એજ્યુકેશન અને રિક્રીએશનની તા: ૨૭–૨–૦૩ના રોજ મળેલ સભાની કાર્યવાહીની નીચે જણાવેલ ભલામણ ક્રમાંક: ૫, ૬, ૭, ૧૧ અને ૧૩ પર વિચારણા કરવા બાબત. **(યુવક કલ્યાણ)**

**<u>બાબત ક્રમાંક: ૫</u>**

યુનિવર્સિટી કેમ્પસ ઉપર બાસ્કેટ બોલના બે સ્ટાન્ર્ડડ સિમેન્ટના કોટ બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

**<u>ભલામણ: ૫</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સ્પોટર્સ કોમ્પલેક્ષ વિકાસ ફંડ ફાળામાંથી યુનિવર્સિટી કેમ્પસ ઉપર બાસ્કેટ બોલના બે સ્ટાન્ર્ડડ સિમેન્ટના કોટ બનાવવા જરૂરી આશરે રૂા. ૫,૦૦,૦૦૦/– (રૂપિયા પાંચ લાખ) મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

**<u>બાબત ક્રમાંક: ૬</u>**

યુનિવર્સિટી કેમ્પસ ઉપર ફિઝીકલ કન્ડીશનીંગ હોલ આશરે ૧૫×૧૫ સ્કવેર મીટરનો બાંધવા અંગે વિચારણા કરવા બાબત.

**<u>ભલામણ: ૬</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સ્પોટર્સ કોમ્પલેક્ષ વિકાસ ફંડ ફાળામાંથી યુનિવર્સિટી કેમ્પસ ઉપર ફિઝીકલ કન્ડીશનીંગ હોલ આશરે ૧૫×૧૫ સ્કવેર મીટરનો બાંધવા માટે જરૂરી આશરે રૂા. ૮,૦૦,૦૦૦/– (રૂપિયા આઠ લાખ) મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

**<u>બાબત ક્રમાંક: ૭</u>**

યુનિવર્સિટી કેમ્પસ ઉપર ૨૦×૨૦ સ્કવેર ફીટનો સ્ટોર રૂમ બાંધવા અંગે વિચારણા કરવા બાબત.

**<u>ભલામણ: ૭</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સ્પોટર્સ કોમ્પલેક્ષ વિકાસ ફંડ ફાળામાંથી યુનિવર્સિટી કેમ્પસ ઉપર ૨૦×૨૦ સ્કવેર ફીટનો સ્ટોર રૂમ બાંધવા માટે જરૂરી આશરે રૂા. ૨,૦૦,૦૦૦/– (રૂપિયા બે લાખ) મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

**<u>બાબત ક્રમાંક: ૧૧</u>**

ખેલકૂદ રમતોત્સવ અઢી દિવસના બદલે ત્રણ દિવસનો કરવા અંગે વિચારણા કરવા બાબત.

**<u>ભલામણ: ૧૧</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ખેલકૂદ રમતોત્સવ હાલમાં જે અઢી દિવસનો થાય છે તેને બદલે ત્રણ દિવસનો કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

**<u>બાબત ક્રમાંક: ૧૩</u>**

યુનિવર્સિટી કેમ્પસ ઉપર સ્પોર્ટસ કોમ્પલેક્ષ અને મેદાનની જાળવણી કરવા અંગે વિચારણા કરવા બાબત.

**<u>ભલામણ: ૧૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ પર નવા બનનાર મેદાન તથા અન્ય મેદાનોની જાળવણી અને દેખરેખ માટે, આ મેદાનોની સાથે બે ગ્રાઉન્ડમેનની રહેવાની સગવડો ઉભી કરવા અને તેઓને ત્યાં જ રહેવાની સગવડ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતે બોર્ડ ઓફ સ્પોટર્સ ફિઝીકલ એજયુકેશન અને રીક્રિએશનની તા: ૨૭–૨–૦૩ની સભાની ભલામણ ૫,૬, અને ૭ સ્વીકારવી અને ભલામણ ક્રમાંક: ૧૧ અને ૧૪ની સૈધ્ધાંતિક મંજૂરી આપી અને આ અંગે વધુ માહિતી (detail) માંગવા જણાવ્યું.

(૨૨) આગામી એપ્રિલ/મે પરીક્ષાઓમાં એફ.વાય. તથા એસ.વાય. ની પરીક્ષાઓની ઉત્તરવહીઓ તપાસવાની કામગીરી માટે યુનિવર્સિટી દ્વારા વ્યવસ્થા કરવામાં આવે જેથી કોલેજોમાં થતા વિભિન્ન આક્ષેપો ટાળી શકાય તેમજ અધ્યાપકો વચ્ચે ઉત્તરવહી તપાસવાની કામગીરી ન્યાયપૂર્વક રીતે વહેંચી શકાય તે બાબતમાં સાઉથ ગુજરાત કોલેજ એન્ડ યુનિવર્સિટી ટીચર્સ એસોસીયેશનના પ્રમુખશ્રીના તા: ૩–૨–૦૩ ના આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા)**

:: ઉપરોકત બાબતની નોંધ લેવામાં આવી.

(૨૩) યુનિવર્સિટી માટે અનામત રાખેલ ૧૫૦ એકર જમીન અંગેના કેસ અંગે યુનિવર્સિટીના એડવોકેટ શ્રી ભાસ્કરભાઇ તન્ના સાથે ઉપકુલપતિશ્રી તથા સિન્ડિકેટ સભ્યશ્રી ગિરિશભાઇ રાણા તથા શ્રી અનિલભાઇ ગોયેલ રૂબરૂમાં ચર્ચા વિચારણ કરી હતી તેની નોંધ પર વિચારણા કરવા બાબત.

**(બાંધકામ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રી ડો. જે.જે.ભટ્ટના અધ્યક્ષપણા હેઠળ તા: ૨૦–૧–૦૩ના રોજ સમિતિએ શ્રી ભાસ્કરભાઇ તન્ના સાથે કરેલ વાટાઘાટો અંગે

સમિતિની ભલામણ તા: ૨૧–૧–૨૦૦૩ થી આપેલ અહેવાલ મુજબ સ્વીકારવી અને હાલમાં રૂા.

૧૦,૦૦૦/– નું ચૂકવણું એડ્વોકેટ શ્રી ભાસ્કરભાઈ તન્ના (અમદાવાદ) ને બાકી રહેતા બીલો સામે હેડહોડ ચૂકવણું કરવું.

આ ઠરાવ સામે આ.શ્રી. આર.સી.શુકલ ધ્વારા લેખિત વાંધો રજૂ થયો હતો.

(૨૪) UGC ની Career Advancement scheme હેઠળ Reader to Professor તરીકે પ્રમોશન આપવા અંગે કરેલ જોગવાઈ અંતર્ગત યુ.જી.સી.ના પત્ર ક્રમાંક: F.2-5/2000(PS) Dt. 13/3/2003 ના પત્રમાં જણાવ્યાનુસાર રીડરના પગાર ધોરણ રૂા. ૩૭૦૦–૫૭૦૦ અને સુધારેલ રૂા. ૧૨૦૦૦–૧૮૩૦૦ માં માન્ય યુનિવર્સિટી અને કોલેજ કક્ષાની ભૂતકાળની નોકરીને ગણતરીમાં લેવા અંગેની જાણ કરતાં આવેલ પત્રની નોંધ લેવા બાબત.

**(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત પત્રની નોંધ લેવામાં આવી અને વધુમાં તેના અમલ માટે સરકારશ્રી સમક્ષ રજૂઆત કરવી.

(૨૫) ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણના અભ્યાસક્રમો ચલાવતી કોલેજો/સંસ્થાઓને જોડાણ મંજૂર કરવાની સુચનાઓ ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક: યુનિ./ ૧૦૨૦૦૩/ ૨૮૦/ ખ.૧ સચિવાલય, ગાંધીનગરના તા: ૧૧–૩–૨૦૦૩ ની નોંધ લેવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં નીચે મુજબની નોંધ લેવા સરકારશ્રીને જણાવવું.

**(૧)** હાલમાં યુનિવર્સિટી સૈધ્ધાંતિક મંજૂરી માટે સ્વનિર્ભર કોલેજો અંગે શિક્ષણ વિભાગ ગાંધીનગરમાં જોડાણઅરજી, સ્થાનિક તપાસસમિતિ, એકેડમિક કાઉન્સિલ અને સિન્ડિકેટ ઠરાવની નકલો સાથે ૬,૦૦,૦૦૦/– ( છ લાખ ) ની એફ.ડી. તથા કાયમી સ્વનિર્ભરતા અંગેનું સોગંદનામુ રજૂ કરવાથી ચોક્કસ શરતોને આધીન સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવે છે.

– બી.સી.એ.ના સ્વનિર્ભર અભ્યાસક્રમો શરૂ થયા ત્યારે આ પ્રક્રિયા ચાલુ હતી, ત્યારે સરકારશ્રી તરફથી પ્રવેશ આપવાની મંજૂરી આપવામાં આવી હતી અને તેથી સૈધ્ધાંતિક મંજૂરી વગર ત્યારે પ્રવેશ આપવામાં આવ્યા હતાં.

– જ્યાં કેન્દ્રીય નિયમન સંસ્થા જેવી કે AICTE, NCTE, MCI વગેરે અભ્યાસક્રમો અંગે સૈધ્ધાંતિક મંજૂરી આવ્યા બાદ પ્રવેશ અપાય છે. પરંતુ માત્ર યુનિવર્સિટીના નિયમન હેઠળના પૂર્વ સ્નાતક અભ્યાસક્રમો જેવા બી.કોમ. માટે યુનિવર્સિટીની કાર્યવાહી થયેથી પ્રવેશ આપવાની અનુમતિ આપવામાં આવે છે અને રાજય સરકારની સૈધ્ધાંતિક મંજૂરી આવે છે.

– જે કોલેજોના સોગંદનામા ૨૦૦૦ના વર્ષમાં રાજય સરકાર સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતાં. તેની સૈધ્ધાંતિક મંજૂરી આવી નથી. આ અંગે વખતોવખત સ્મૃતિપત્રો પાઠવવામાં આવ્યા છે.

(૨) ૨૦૦૧–૨૦૦૨ ના કેટલાક જોડાણો હાલ યુનિવર્સિટી અધિકારમંડળ સમક્ષ વિચારણા હેઠળ છે. તેથી તેની કાર્યવાહી તા: ૩૦–૦૬–૨૦૦૩ સુધીમાં પુરી થઈ શકે તેમ નથી. આથી આ તારીખ લંબાવવાની જરૂર છે.

(૩) ૨૦૦૨–૨૦૦૩ના જોડાણો સ્થાનિક તપાસસમિતિના સભ્યોની મુલાકાતો કેટલાંક કિસ્સાઓ બાકી છે અને તેથી તેની સમગ્ર પ્રક્રિયા પુરી કરવા માટે વધારે સમય મળે તે જરૂરી છે.

(૫) (અ)દ.ગુ.યુનિવર્સિટી સાથે જોડાણ માંગનારી તમામ સ્વનિર્ભર સંસ્થાઓ માટે યુનિવર્સિટી એ એક જ વર્ષનું જોડાણ આપવાની નીતિ અપનાવી છે જેથી કરીને સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓ પૂરેપૂરી ડિગ્રી કોલેજ બને ત્યાં સુધી તે તમામ ભૌતિક સુવિધા અને સ્ટાફની જરૂરીયાત યોગ્ય તે રીતે પૂરી કરે તે માટે સક્રિય નિયમન કરી શકાય.

આથી આવી સંસ્થાઓને મળેલા જોડાણ માટે કાયમી જોડાણો હાલ તુરંત ન અપાયા હોય કે એકથી વધુ વર્ષ માટે જોડાણ ન અપાયા હોય તેને માટે જે તે સંસ્થા દોષિત નથી અને તેથી તેમને દંડાત્મક કાર્યવાહી લાગુ પાડવામાં ન આવે તેવી વિનંતી છે.

(બ)જે અનુદાનવાળી સંસ્થાઓ પ્રમાણમાં નવી છે તેમને પણ મર્યાદિત મુદત માટે જોડાણ આપાયા છે. તેમના ધ્વારા કાયમી જોડાણ મેળવવા માટે યોગ્ય કાર્યવાહી કરવા માટે યુનિ. એ માર્ગદર્શન આપવું જરૂરી છે. આવી સંસ્થાઓ ધ્વારા મકાન કે અન્ય ભૌતિક સુવિધા અને/અથવા સ્ટાફની સુવિધા માટેની શરતોનું

પાલન ન થયું હોય તો, તેવા સંજોગોમાં યુનિવર્સિટી કાયમી જોડાણની ભલામણ કરે તો તે વ્યાજબી ગણાશે કે કેમ તે વિચારવાનું રહે છે.

(૨૬) યુનિવર્સિટીનાં રીસર્ચ મેથોડોલોજી એન્ડ ઇન્ટર ડીસીપ્લીનરી સ્ટડીઝ ઇન સોશ્યલ સાયન્સીસ વિભાગમાં રીડરની જગ્યાની ભરતી (નિમણૂંક) અંગે વિવાદ થતાં ડો. એ.એન.માલવીયાએ નામદાર ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદમાં, સ્પે. સિવિલ એપ્લીકેશન નં. 5677 / 98 દાખલ કરી હતી. પ્રસ્તુત પીટીશનનો નામદાર હાઇકોર્ટે કાઢી નાંખી છે. તેની નોંધ લેવા સારું.

**(લીગલ સેલ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની નોંધ લીધી.

(૨૭) યુનિવર્સિટી સંલગ્ન બીલીમોરા વી.એસ.પટેલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના વિદ્યાર્થી શ્રી સૌરભ લક્ષ્મણભાઇ પટેલે એફ.વાય.બી.એસસી.ની એપ્રિલ ૨૦૦૨ની વાર્ષિક પરીક્ષામાં ગેરરીતિ આચરતા પકડાતા તેઓને ઉઠાડી મૂકવાના નિર્ણય સામે તેઓએ ગર્ણદેવીની કોર્ટમાં રે.દિ.મુ.નં. ૨૩/૨૦૦૨ દાખલ કર્યો હતો. પ્રસ્તુત દાવો વાદીએ પાછો ખેંચી લીધો છે. તેની જાણ થવા સારું.**(લીગલ સેલ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની નોંધ લીધી.

(૨૮) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસમાં સૌ પ્રથમવાર શ્રી જયેશ ગામીત, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારાના વિદ્યાર્થી બોર્ડ ઓફ કંટ્રોલ બોર્ડ ક્રિકેટ ઇન ઇન્ડિયાના (બી.સી.સી.આઇ.) સિલેકશન કમિટિના સભ્યોશ્રીઓએ શ્રી જયેશ ગામીતને કમ્બાઇન્ડ યુનિવર્સિટી ક્રિકેટ ટીમમાં ઓસ્ટ્રેલિયા ખાતે રમવા જવા માટે પસંદગી કરી હોય, જે આપણી યુનિવર્સિટી માટે અપૂર્વ ગૌરવની ઘટના હોય તેમજ અનન્ય સિધ્ધિ અંગે નોંધ લેવા બાબત.

**(યુવક કલ્યાણ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારાના વિદ્યાર્થી શ્રી જયેશ ગામીતની કમ્બાઇન્ડ યુનિવર્સિટી ક્રિકેટ ટીમમાં ઓસ્ટ્રેલિયા ખાતે રમવા જવા માટે થયેલ પસંદગી માટે સિન્ડિકેટ તેમને અભિનંદન પાઠવે છે અને પ્રસ્તુત વિદ્યાર્થી અને કોલેજના પ્રિન્સિપાલને અભિનંદન આપતો પત્ર પાઠવવા જણાવે છે.

(૨૯) શ્રી નારાયણ એજ્યુકેશન ટ્રસ્ટ, થલતેજ, <u>અમદાવાદ</u> સંચાલિત સૂચિત નવી સેલ્ફ ફાયનાન્સ બી.એસસી. મેડિકલ ટેકનોલોજીની કોલેજ શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી શરૂ કરવા તેમના તા. ૨૭–૧–૨૦૦૩ ના પત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા

કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

| | | | |
|---|---|---|---|
| (૧) | પ્રા. અનિલભાઈ ગોયેલ | (૨) | ડો. પી.કે. પટેલ |
| (૩) | આ.ડો. ભાસ્કરભાઈ રાવલ | (૪) | શ્રી હેમંતભાઈ ટોપીવાલા |
| (૫) | ડો. કે.આર. દેસાઈ | | |

(૩૦) એમ.એસસી. (આઈ.ટી.) અભ્યાસક્રમમાં હાયર, લોઅર તથા એન.આર.આઈ. માટેની જુદી જુદી ફી કેટેગરી ને બદલે એક સમાન ફી રાખવા અંગે વિચારણા કરવા બાબત.

**(એમ.એસસી.(આઈ.ટી) પ્રોગ્રામ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એસસી. (આઈ.ટી.) અભ્યાસક્રમમાં હાયર, લોઅર તથા એન.આર.આઈ. માટેની જુદી જુદી ફી કેટેગરીને બદલે એક સમાન ફી માટે વિચારણા નીચે કરી અહેવાલ રજૂ કરવા માટે નીચે મુજબની કમિટિની રચના કરવામાં આવી:

| | | | |
|---|---|---|---|
| (૧) | ડો. જયેન્દ્ર ભટ્ટ | (૨) | પ્રા. અનિલભાઈ ગોયેલ |
| (૩) | આ.શ્રી. આર.સી.શુકલ | (૪) | શ્રી જયેશભાઈ દેશકર |

(૩૧) પરીક્ષા આચાર સમિતિની તા: ૨૬–૩–૨૦૦૩ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા: ૨૬–૩–૨૦૦૩ના રોજની કાર્યવાહીની બાબત ક્રમાંક: ૧, ૨, અને ૪(૩), ૪(૫), અને ૪(૬) મુલતવી રાખવામાં આવી.

બાબત ક્રમાંક: ૩, ૪(૧), ૪(૨), અને ૪(૪) મંજૂર કરવામાં આવે છે.

(૩૨) સને ૨૦૦૩ના એપ્રિલ/મે તથા ઓકટોબર/નવેમ્બર માસમાં લેવાનાર પરીક્ષાઓમાં ગેરરિતી આચરવાના કિસ્સાઓ તથા પરીક્ષકો તેમજ યુનિવર્સિટી સ્ટાફના સભ્યોની ભુલોના કિસ્સાઓ તપાસી યોગ્ય પગલાં લેવાની સિન્ડિકેટને ભલામણ કરવા માટે પરીક્ષા આચાર સમિતિના

સભ્યોની નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૩ ના વર્ષ માટે નીચે મુજબ પરીક્ષા આચાર સમિતિના સભ્યોની નિમણૂંક કરવામાં આવી:

| | | | |
|---|---|---|---|
| (૧) | આચાર્યશ્રી રસેશ શુકલ | (૨) | ડૉ. કે.આર.દેસાઇ |
| (૩) | પ્રા. અનિલભાઇ ગોયલ | (૪) | પ્રા. ગિરીશભાઇ રાણા |
| (૫) | પ્રા. ભગવાનદાસ પંચાસરા | (૬) | શ્રી હેમંતભાઇ ટોપીવાલા |
| (૭) | આ.ડૉ. ભાસ્કરભાઇ રાવલ | (૮) | પ્રા. વિનોદભાઇ પટેલ |
| (૯) | આચાર્ય ડૉ. જી.જે. પરમાર | (૧૦) | આ.શ્રી. અશોક દેસાઇ |
| (૧૧) | પ્રા. આર ટી. વશી | (૧૨) | ડૉ. પ્રવિણ ભાઠાવાલા |
| (૧૩) | ડૉ. વિપુલ સોમાણી | (૧૪) | પ્રા. જાગૃતિબેન પટેલ |
| (૧૫) | પ્રા. ઇંદ્રેશભાઇ વ્યાસ | | |

(૩૩) પરીક્ષા આચાર સમિતિની તા: ૨૬–૩–૨૦૦૩ની સભાની

**બાબત ક્રમાંક : ૪ ની અનુક્રમ નં. (૩)** :–

જાન્યુઆરી ૨૦૦૩ માં લેવાયેલી પરીક્ષામાં નીચે જણાવેલ વિદ્યાર્થીએ પરીક્ષા દરમ્યાન, પરીક્ષાખંડમાં પરીક્ષાર્થીઓને અપાતી સૂચનાનો ભંગ કરી, સદર વિષયને લગતા છાપેલા/હસ્તલિખિત/ઝેરોક્ષ નકલ/હાથમાં લખાણ વગેરે સાહિત્ય/સામગ્રી લાવ્યા હતાં તો તેમને કરવાની સજા બાબતે વિચારણા કરવા બાબત.

| પરીક્ષા | પરીક્ષા બેઠક ક્રમાંક | વિષય | નોંધ |
|---|---|---|---|
| એમ.બી.એ. ( ફુલટાઇમ ) ( ફર્સ્ટ સેમેસ્ટર ) | ૧૨૧૧ | મેનેજરીયલ પેપર–૧ | વિદ્યાર્થી સમિતિમાં હાજર રહયા હતાં. |

સદરહું ગેરરિતીના કિસ્સામાં કુલસચિવ શ્રી રા.હી.રાજપુતે ડી.બી.આઇ.એમ. વિભાગના વડા ડૉ. સતેન્દકુમારને લખેલ પત્રક્રમાંક: કુ.સ./પરીક્ષા/૧૬૫૦/૦૩, તા: ૧૯–૨–૨૦૦૩ અંગે આચાર સમિતિની સભામાં વડાશ્રીએ રજુઆત કરવા માટે વિનંતી કરતાં તેમને આચાર સમિતિ સમક્ષ રજુઆત કરવા મંજુરી આપવામાં આવી હતી. પ્રસ્તુત પત્ર પર વિચારણા કર્યા બાદ આચાર સમિતિએ પત્ર અંગે યોગ્ય તે નિર્ણય માટે અલગ બાબત બનાવી

સિન્ડિકેટમાં રજુ કરવા જણાવેલ હોય, જે અંગે વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં કોર્સ બદલાતો હોવાથી ખાસ કેસ તરીકે મંજૂર કરવામાં આવે અને ભવિષ્યમાં આ કેસને નિયમ તરીકે ટાંકવામાં ન આવે.

(૩૪) એસ.વી.આર. એન્જિ. કોલેજ, સુરતનાં આસીસ્ટન્ટ પ્રો. ડો.પી.એ.પરીખને કેમીકલ એન્જિ.નાં વિષયમાં પી.એચડી.નાં માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટે આવેલ અરજી અને તેમના પ્રકાશનો તપાસવા માટે નિમાયેલા બે બાહય નિર્ણાયકોના આવેલ એસેસમેન્ટ રીપોર્ટ પર અનુસ્નાતક શિક્ષણ મંડળ ( બી.યુ.ટી. ) તા: ૩૦–૯–૨૦૦૨ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એસ.વી.આર.એન્જિ. કોલેજ, સુરતનાં આસીસ્ટન્ટ પ્રો.ડો.પી.એ.પરીખને કેમીકલ એન્જિ.નાં વિષયમાં પી.એચડી.નાં માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટે તેમના પ્રકાશનો તપાસવા માટે નિમાયેલા બે બાહય નિર્ણાયકોના આવેલ મૂલ્યાંકન રીપોર્ટ સ્વીકારવા અને પી.એચડી.નાં માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવામાં આવે છે.

(૩૫) યુનિવર્સિટીના ડી.બી.આઇ.એમ. ડીપાર્ટમેન્ટમાં લેકચરર તરીકે ફરજ બજાવતા મુનીરા હાતિમ ખેરુલ્લાહ પીએચ.ડી. ના સંશોધનકર્તા તરીકે સદર નામે રજીસ્ટર્ડ થયેલા હતા અને તેમના લગ્ન બાદ શ્રીમતી મુનીરા ઇશ્માઇલ હબીબુલ્લાહ એ મુજબ નામમાં ફેરફાર થયેલ તેમણે પીએચ.ડી. થીસીસ પણ લગ્ન બાદના નામથી રજૂ કરેલ અને તેમનાં વાઇવા રીપોર્ટમાં પણ તે જ નામ હોઇ પીએચ.ડી. પદવી શ્રીમતી. મુનીરા ઇસ્માઇલ હબિબુલ્લાહ ના નામે એવોર્ડ કરવા અંગે વિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, દ.ગુ.યુનિવર્સિટી, સુરતના ડી.બી.આઇ.એમ. વિભાગના લેકચરર મુનીરા હાતિમ ખેરુલ્લાહ તેમના નામમાં લગ્ન બાદ શ્રીમતી મુનીરા ઇસ્માઇલ હબીબુલ્લાહ ફેરફારની અરજી કર્યાની તારીખથી અમલમાં આવે તે રીતે બદલી આપવા અને પી.એચડી. પદવી શ્રીમતી મુનીરા ઇસ્માઇલ હબીબુલ્લાહના નામે એવોર્ડ આપવાનું સર્વાનુમતીએ ઠરાવવામાં આવે છે.

(૩૬) ઈન્ટરડીસીપ્લીનરી સ્ટડીઝમાં પીએચ.ડી. પદવી માટે નોંધણી કરવા અંગેના ડૉ.વાય.એસ. પુરોહિત નાં પત્ર પર વિચારણા કરી પીએચ.ડી. નાં ઓર્ડિનન્સ/નિયમોમાં સુધારા કરી અહેવાલ આપવા માટે કુલપતિશ્રીએ નીમેલ કમિટીએ કરેલ ભલામણ પરત્વે બી.યુ.ટી.ની તા. ૨૪–૪–૨૦૦૧ની સભાએ સદર બાબત/ભલામણ અંગે વિશદ ચર્ચા વિચારણા જરૂરી હોઈ સદર બાબત બી.યુ.ટી. સમક્ષ ફરીથી રજૂ કરવું તેમ ઠરાવેલ હોય તે મુજબ સદર બાબત બી.યુ.ટી. ની તા. ૭–૫–૨૦૦૨ અને તા. ૩૦–૯–૨૦૦૨ સભા સમક્ષ ફરીથી રજૂ કરતા બી.યુ.ટી.ની સદરહુ સભાએ તેનાં ઠરાવ ક્રમાંક ૧૨ અન્વયે સદર કમિટિનો અહેવાલ યથાવત સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની સર્વાનુમતિએ કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવામાં આવી.

(૩૭) ડૉ. (શ્રીમતી) અનસુયાબેન ટી. શેઠ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના પરીક્ષા નિયામક શ્રી દિલીપ સી.શાહની વિરુધ્ધમાં કરેલ ફરીયાદ સંદર્ભમાં તેમના તારીખ ૬–૩–૨૦૦૩ ના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

:: ઉપરોકત બાબત મુલતવી રાખવામાં આવી.

(૩૮) ઓર્ડિનન્સ–૧૬ (vii) અન્વયે " ગ્રાન્ટ્સ યુટીલાઈઝેશન કમીટી" પર તા. ૩૦–૫–૨૦૦૩ થી ૩ (ત્રણ) વર્ષની મુદ્દત માટે ૫ (પાંચ) સભ્યોની નિયુકિત કરવા અંગે વિચારણા કરવા બાબત.

**(યુજીસી યુનિટ)**

:: આથી સર્વાનુમતિએ ઠરાવવામાં આવે છે કે, દ.ગુ.યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૧૬ (vii) અન્વયે, તા: ૩૦–૫–૨૦૦૩થી ૩ વર્ષની મુદ્દત માટે નીચે મુજબના ૫ (પાંચ) સભ્યોની નિયુકિત કરવામાં આવે છે.

(૧) ડૉ. કે.આર.દેસાઈ (૨) ડૉ. પી એચ. ભાઠાવાલા

(૩) પ્રા. ગિરીશભાઈ રાણા (૪) ડૉ. સત્યેન્દ્ર કુમાર

(૫) ડૉ. એ એસ. ચરણ

(૩૯) નિઝર તાલુકા સર્વાંગી વિદ્યા પ્રસારણ મંડળ, નિઝર સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજનું જૂન ૨૦૦૦ થી આગળના વર્ષો માટેનું જોડાણ મેળવવા માટેની મળેલ જોડાણ અરજીના

સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરી એકેડમિક કાઉન્સિલે તેની તા. ૨૬–૯–૨૦૦૦ ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક : (૭) અન્વયે, નિયુકત કરેલ વેરીફિકેશન કમિટિના સભ્યોએ સ્થળ પર મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ વેરીફિકેશન કમિટિના અહેવાલ ઉપર વિચારણા કરી એકેડમિક કાઉન્સિલે તેની તા. ૧૧–૬–૨૦૦૧ ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક : (૩૭) અન્વયે, નિયુકત કરેલ વેરીફિકેશન કમિટિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ વેરીફિકેશન કમિટિના અહેવાલ પર એકેડમિક કાઉન્સિલે તેની તા. ૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે કરેલી નીચેની ભલામણ વિચારણા કરવા બાબત. **(શૈક્ષણિક)**

**<u>એકેડમિક કાઉન્સિલે તેની તા. ૧૦–૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, નિઝર તાલુકા સર્વાંગી વિદ્યા પ્રસારણ મંડળ, નિઝર સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજનું જૂન, ૨૦૦૦ થી આગળના વર્ષો માટેનું જોડાણ મેળવવા માટેની મળેલ જોડાણ અરજીના સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરી એકેડમિક કાઉન્સિલે તેની તા. ૨૬–૯–૨૦૦૦ ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક : (૭) અન્વયે, નિયુકત કરેલ વેરીફિકેશન કમિટિના સભ્યોએ સ્થળ પર મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ વેરીફિકેશન કમિટિના અહેવાલ ઉપર વિચારણા કરી એકેટમિક કાઉન્સિલે તેની તા. ૧૧–૬–૨૦૦૧ ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક : (૩૭) અન્વયે, નિયુકત કરેલ વેરીફિકેશન કમિટિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ વેરીફિકેશન કમિટિનો અહેવાલ સ્વીકારવો અને શૈક્ષણિક વર્ષ ૨૦૦૦–૨૦૦૧ માટે જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે.

(૪૦) અમરોલીના પ્રો. વી.બી.શાહ ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ.નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૨૦૦૨ થી ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના માનદ્ નિયામકશ્રીએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅર ના સંદર્ભમાં સિન્ડિકેટ, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડમિક કાઉન્સિલે તેની તા.૧૦–૦૪–૦૩ ની સભાના

ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(શૈક્ષણિક)**

**એકેડેમિક કાઉન્સિલ ની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫**

:: આથી ઠરાવવામાં આવે છે કે, અમરોલીના પ્રો. વી.બી.શાહ ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ.નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૨૦૦૨ થી ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના માનદ્ નિયામકશ્રીએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅર ના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને યથૉથ પાલન કરવાની શરતે એક વર્ષ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૨૦૦૨ માટે જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

**શરતો :**

૧. આ કોલેજ માટે ડાયરેકટરશ્રી તથા ગ્રંથપાલની નિમણૂંક કરવામાં આવે.

૨. જરૂરી પ્રાધ્યાપકોની નિમણૂંક કરવામાં આવે.

૩. નિયમાનુસાર ગ્રંથલાયમાં પુસ્તકો અને સામયિકોની જોગવાઈ કરવામાં આવે.

૪. યુનિવર્સિટીના તથા રાજય સરકારના ધારાધોરણોનું પાલન કરવાની બાંહેધરી આપવામાં આવે.

૫. જો સંચાલનમાં કોઈ ખોટ જાય તો તે ભરપાઈ કરવાની બાંહેધરી સંચાલક મંડળ તરફથી આપવમાં આવે.

૬. આ કોલેજની આવક આ કોલેજના વિકાસમાં જ ઉપયોગ કરવામાં આવે.

૭. ઓર્ડિન્સ – ૬૯ (એ) અને ૬૯ (બી) નું ચુસ્તપણે પાલન કરવામાં આવે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે.

(૪૧) નવસારીની નારણલાલા કોલેજ ઓફ પ્રોફેશનલ એન્ડ એપ્લાઈડ સાયન્સમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૦૩ માટે બી.એસસી. મેડિકલ ટેકનોલો નું ચાલુ / વધારાનું જોડાણ મેળવવા માટે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણ અર ના સંદર્ભમાં સિન્ડિકેટે નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(શૈક્ષણિક)**

**<u>એકેડેમિક કાઉન્સિલ ની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, નવસારીની નારણલાલા કોલેજ ઓફ પ્રોફેશનલ એન્ડ એપ્લાઈડ સાયન્સમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૦૩ માટે બી.એસસી. મેડિકલ ટેકનોલો નું ચાલુ / વધારાનું જોડાણ મેળવવા માટે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણ અર ના સંદર્ભમાં સિન્ડિકેટે નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ માં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોનું યથાર્થ પાલન કરવાની શરતે એક વર્ષ માટે જૂન ૨૦૦૨ થી જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

**<u>શરતો :</u>**

૧. નારણલાલા કોલેજ ઓફ પ્રોફેશનલ એન્ડ પ્રોફેશનલ એપ્લાઈડ સાયન્સીસમાં બી.એસ.સી મેડીકલ ટેકનોલો માટે અલગ આચાર્યશ્રીની નિમણૂંક કરવી.

૨. બી.એસ.સી. મેડીકલ ટેકનોલો માટે યુનિવર્સિટીના ધારાધોરણો મુજબ શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવી.

૩. બી.એસ.સી. મેડિકલ ટેકનોલો માટે જરૂરી વહીવટી કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવે અને યુનિવર્સિટીના ધારાધોરણો મુજબ તેમનો પગાર તથા નોકરીની શરતો લાગુ પાડવામાં આવે.

૪. યુનિવર્સિટીમાં ભરવાપાત્ર વિકાસ ભંડોળોની ફી વર્ષની શરૂઆતમાં ભરવામાં આવે.

૫. બી.એસ.સી. મેડીકલ ટેકનોલો માટે વર્ષે રૂ.૩૦,૦૦૦/– ના પુસ્તકો ખરીદવા ઉપરાંત રૂ. ૫૦૦૦/– ની કિંમતના સામાયિકો ખરીદવામાં આવે.

૬. બી.એસ.સી. મેડિકલ ટેકનોલો ની આવક જે તે કોલેજના વિકાસમાં જ કરવામાં આવે.

૭. ઓર્ડિનન્સ ૬૯ (એ) અને (બી) નો ચુસ્તપણે પાલન કરવું.

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત કોલેજને ૧ (એક) માસમાં શરતોનું પાલન કરવા જણાવવું અને ૧ (એક) માસ બાદ વેરીફિકેશન કમિટિ શરતોનું પાલન થયું છે કે કેમ તે માટે કોલેજની મુલાકાત લઈ અહેવાલ રજૂ કરશે.

વેરીફિકેશન કમિટિમાં નીચે મુજબના સભ્યોની પસંદગી કરી.

(૧) પ્રા. અનિલભાઈ ગોયેલ

(૨) પ્રા. બી.જી. પંચાસરા

(૩) શ્રી કિશોરભાઈ વાઘેલા

(૪૨) નૂતન ગ્રામ વિદ્યાપીઠ, થવા તા. વાલિયાનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી બી.આર.એસ. અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા: ૨૫–૧૦–૨૦૦૧ ના પત્ર સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડમિક કાઉન્સિલે તેની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૬ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.**(શૈક્ષણિક)**

**<u>એકેડેમિક કાઉન્સિલ ની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૬</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, નૂતન ગ્રામ વિદ્યાપીઠ, થવા તા. વાલિયાનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી બી.આર.એસ અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૨૫ – ૧૦ – ૨૦૦૧ ના પત્ર સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણ અર ના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવેલી નીચેની શરતોનું ચુસ્તપણે પાલન કરે તે શરતે એક વર્ષ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ ના માટે જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

**<u>શરતો :</u>**

૧. સંસ્થાએ શિક્ષણની ગુણવત્તા સુધારવા વધુ સંગઠીત પ્રયાસ કરવા અને આ અંગે રચેલી અલાસ્કા સમિતિની બેઠકો નિયમિત રીતે દર સત્રાંતે બોલાવીને એના માર્ગદર્શનનો ચુસ્ત અમલ કરો.

૨. શિક્ષકોએ નવા અભ્યાસક્રમ પ્રમાણે સજજતા કેળવવા અનુભવેલી મુશ્કેલીઓને ધ્યાનમાં લઈ એમના માટે ગ્રામ અભ્યાસ વિભાગમાં દર વર્ષે એકવાર ઓરીએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવું.

૩. ગ્રામ અભ્યાસ વિભાગના અધ્યાપકો તથા ગ્રામીણ વિષયો સાથે સંકળાયેલા વિદ્વાનોના પ્રવચનોનું આયોજન કરીને વિદ્યાર્થીઓને ગુણવત્તા સુધારવા માટે તક આપવી.

૪. સંસ્થાના ગ્રંથાલયમાં દર વર્ષે ૧૦,૦૦૦ વધારાના પુસ્તકો લાવવા જે અભ્યાસક્રમને અનુરૂપ સંદર્ભગ્રંથો વસાવવા તેનો ચુસ્ત અમલ કરવો.

૫. સંસ્થાએ યુનિવર્સિટીના નિયમો મુજબ પરીક્ષાનો અમલ થાય અને એમાં દરેક સ્તર પર શુધ્ધતા જળવાય.

૬. સંસ્થાએ યુનિવર્સિટીની બીજી સંલગ્ન કોલેજોને મળવાપાત્ર સત્તામંડળ અને વિકાસના અધિકારો અને લાભો મેળવવા જાગ તિપૂર્વક પ્રયત્ન કરીને સંસ્થા યુનિવર્સિટીના એક અંગ છે. એવો અનુભવનું વાતાવરણ ઉપજે તેવા પ્રયાસ કરવા જેથી કરીને સંસ્થાની દરેક ક્ષેત્રની કામગીરીને કાર્યવાહીમાં એથી વિશેષ પ્રકારની ગંભીરતા, ઉત્સાહ અને ગૌરવનો અનુભવ સર્વે થશે.

૭. ઓર્ડિનન્સ – ૬૯ (એ) અને ૬૯ (બી) નું ચુસ્તપણે પાલન કરવામાં આવે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની શરતો રીફ્રેમ કરવી અને પ્રસ્તુત કોલેજને ૧ (એક) માસમાં શરતોનું પાલન કરવા જણાવવું અને એક માસ બાદ વેરીફિકેશન કમિટિ કોલેજની મુલાકાત લઈ શરતોનું યથાર્થ પાલન થયું છે કે કેમ તેની તપાસ કરી અહેવાલ રજૂ કરશે.

વેરીફિકેશન કમિટિમાં નીચે મુજબના સભ્યોની પસંદગી કરી.

(૧) પ્રા. અનિલભાઈ ગોયેલ (૨) ડૉ. કે.આર. દેસાઈ

(૩) પ્રા. ગિરીશભાઈ રાણા (૪) શ્રી કિશોરભાઈ વાઘેલા

(૪૩) અંકલેશ્વરની શ્રી મણીલાલ કડકિયા કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૧ થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૭ અન્વયે, કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(શૈક્ષણિક)**

**<u>એકેડેમિક કાઉન્સિલ ની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૭</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, અંકલેશ્વરની શ્રી મણીલાલ કડકિયા કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૧ થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક

તપાસસમિતિના અહેવાલમાં જણાવેલી નીચેની શરતો આધિન એક વર્ષ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૨૦૦૨ ના માટે જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

**<u>શરતો :</u>**

૧. આ કોલેજ માટે ડાયરેકટરશ્રી તથા ગ્રંથપાલનની નિમણૂંક કરવામાં આવે.

૨. જરૂરી પ્રાધ્યાપકોની નિમણૂંક કરવામાં આવે.

૩. નિયમાનુસાર ગ્રંથાલયમાં પુસ્તકો અને સામાયિકોની જોગવાઈ કરવામાં આવે.

૪. યુનિવર્સિટીના તથા રાજય સરકારના ધારાધોરણોનું પાલન કરવાની બાંહેધરી આપવામાં આવે.

૫. જો સંચાલનમાં કોઈ ખોટ જાય તો તે ભરપાઈ કરવાની બાંહેધરી સંચાલક મંડળ તરફથી આપવામાં આવે.

૬. આ કોલેજની આવક આ કોલેજના વિકાસમાં જ ઉપયોગ કરવામાં આવે.

૭. ઓર્ડિનન્સ – ૬૯ (એ) અને ૬૯ (બી) નું ચુસ્તપણે પાલન કરવામાં આવે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે.

(૪૪) ભરૂચની એમ.કે.ઈન્સ્ટિટયૂટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩ – ૨૦૦૪ થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટે પ્રસ્તુત કોલેજના નિયાયકશ્રીએ યુનિવર્સિટીને મોકલેલ જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોશ્રીએ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૮ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(શૈક્ષણિક)**

**<u>એકેડેમિક કાઉન્સિલ ની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૮</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ભરૂચની એમ.કે.ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩ – ૨૦૦૪ થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટે પ્રસ્તુત કોલેજના નિયાયકશ્રીએ યુનિવર્સિટીને મોકલેલ જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોશ્રીએ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિકતપાસસમિતિના અહેવાલમાં જણાવેલી નીચેની શરતો આધિન એક વર્ષ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ ના માટે જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

**<u>શરતો :</u>**

૧. સંસ્થા યોગ્ય પ્રમાણમાં પ્રિન્ટરોનાં ( ઓછામાં ઓછા કુલ ત્રણ ) વ્યવસ્થા કરવી.

૨. યુનિવર્સિટીના નિયમો અનુસાર સ્ટાફની ભરતી કરવી.

૩. બી.સી.એ. કોર્ષમાં સમાવિષ્ટ સોફ્ટવેરની ઓફિશિયલ કોપી ખરીદવી.

૪. લાયબ્રેરીમાં પૂરતા પ્રમાણમાં ચોપડામાં તેમજ મેગેઝીનો ( કોમ્પ્યુટર ) ની ખરીદી કરવી.

૫. વિદ્યાર્થીઓ પાસે વસુલાતના પ્રિન્ટીગ ચાર્જ તુરત જ બંધ કરવી.

૬. ડાર્યરકટરની નિમણૂંક કરવી.

૭. ઓર્ડિનન્સ – ૬૯ (એ) અને ૬૯ (બી) નું ચુસ્તપણે પાલન કરવામાં આવે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની શરત નં. ૧ માં એકથી વધુ પ્રિન્ટરનો આગ્રહ રાખવો નહી, શરત નં. ૩ ની દરેક બી.સી.એ.ને જાણ કરવી અને શરત નં. ૪ માં લાયબ્રેરી માટે રૂા. ૨૫,૦૦૦/– ના પુસ્તકો ખરીદવાં. વેરીફિકેશન કમિટિ કોલેજની

મુલાકાત લઈ શરતોનું યથાર્થ પાલન થયું છે કે કેમ તેની તપાસ કરી અહેવાલ રજૂ કરશે.

વેરીફિકેશન કમિટિમાં નીચે મુજબના સભ્યોની પસંદગી કરી.

(૧) પ્રા. અનિલભાઈ ગોયેલ

(૨) પ્રા. બી.જી.પંચાસરા

(૩) ડો. અપૂર્વ દેસાઈ

(૪૫) વ્યારાની સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટરની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩ – ૨૦૦૪ થી ચાલુ / વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અર ના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૯ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(શૈક્ષણિક)**

**<u>એકેડેમિક કાઉન્સિલ ની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૯</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, વ્યારાની સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટરની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩ – ૨૦૦૪ થી ચાલુ / વધારાનું જોડાણ

મેળવવા માટેની જોડાણ અર ના સંદર્ભમાં સિન્ડિકેટ, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવેલી નીચેની શરતો આધિન એક વર્ષ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ ના માટે ચાલુ/વધારાનું જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

<u>**શરતો :**</u>

૧. હાલનાં કોલેજ જે મકાનમાં ચાલે છે તે મકાન ઘણું નાનું હોય તેમજ નવા મકાનનું બાંધકામ શરૂ થઈ ગયું હોય, એ નવા મકાનનું બાંધકામ વહેલામાં વહેલી તકે પૂર્ણ કરી છ મહિનામાં નવા મકાનમાં કોલેજનું સ્થળાંતર કરવાની શરતે.

૨. યુનિવર્સિટીના નિયમો અનુસાર આચાર્યશ્રીની નિમણૂંક કરવી.

૩. યુનિવર્સિટીના નિયમોનુસાર બાકી રહેલા શૈક્ષણિક સ્ટાફની ભરતી કરવી.

૪. વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની અલાયદી વ્યવસ્થા ઉભી કરવી.

૫. ઓર્ડિનન્સ – ૬૯ (એ) અને ૬૯ (બી) નું ચુસ્તપણે પાલન કરવામાં આવે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત શરતો ઉપરાંત લાયબ્રેરીયનની નિમણૂંક કરવી અને લાયબ્રેરી માટે રૂા. ૫૦,૦૦૦/–ના પુસ્તકો ખરીદવા.

(૪૬) ગુજરાતી વિષયોમાં ડી.લીટ. પદવી માટે નોંધણી કરાવનાર ડૉ.રમેશભાઈ એમ. શુકલએ રજૂ કરેલ સંશોધનો / સાહિત્ય તપાસવા માટે બોર્ડ ઓફ સ્ટડીઝ ઈન ગુજરાતીની ભલામણને એકેડમિક કાઉન્સિલની તા.૨૨–૦૭–૨૦૦૨ ના રોજ મળેલ સભાએ તેના ઠરાવ ક્રમાંક ૧૦ થી સિન્ડિકેટને ભલામણ કરેલ નીચેના નિર્ણાયકોની નિમણૂંકને સિન્ડિકેટની તા.૧૨–૦૯–૨૦૦૨ ના ઠરાવ ક્રમાંક ૨૪ થી સ્વીકારી નિમણૂંક આપવામાં આવેલ હતી.

(૧) ડૉ. ધીરુભાઈ ઠાકર, અમદાવાદ

(૨) ડૉ. શિતાંશુભાઈ યશેશચંદ્ર, વડોદરા

(૩) ડૉ. રમણલાલ જે. જોષી, અમદાવાદ

ઉપરોકત નિમણૂંક આપેલ નિર્ણાયકો દ્વારા તેમના સદર સાહિત્યના અહેવાલો કે જેઓ દ્વારા ડૉ.રમેશભાઈ એમ. શુકલને ડી.લીટ. ની ડીગ્રી આપવા ભલામણ કરેલ છે, જે અહેવાલો વિચારણામાં લઈ ડૉ. રમેશભાઈ એમ. શુકલને ડી.લીટ. ની ડીગ્રી ગુજરાતી વિષયમાં આપવા એકેડમિક કાઉન્સિલે તેની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૫ અન્વયે કરેલી નીચેની

ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(શૈક્ષણિક)**

**<u>એકેડેમિક કાઉન્સિલ ની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૫</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. રમેશભાઈ એમ. શુકલને ડી.લીટ ની ડીગ્રી ગુજરાતી વિષયમાં આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે.

(૪૭) ઉધના સીટીઝન કો.ઓ.બેંક કોમર્સ કોલેજ, ઉધનાનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણઅરના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યશ્રીઓએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩૯ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(શૈક્ષણિક)**

**<u>એકેડેમિક કાઉન્સિલ ની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩૯</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉધના સીટીઝન કો.ઓ.બેંક કોમર્સ કોલેજ, ઉધનાનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણઅર ના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યશ્રીઓએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવેલી નીચેની શરતો આધિન એક વર્ષ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ ના માટે ચાલુ/વધારાનું જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

**<u>શરતો :</u>**

૧. એસ.વાય.બી.કોમના નવા વર્ગો શરૂ થવાના કારણે કાર્યબોજ વધવાથી યુનિવર્સિટીના અને સરકારશ્રીના ધારાધોરણો મુજબ જો વધારાના શૈક્ષણિક અને / અથવા બિનશૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંકો કરવાની જરૂરિયાતો ઉભી થાય તો શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ શરૂ થાય એ પહેલાં જરૂરી સ્ટાફની નિમણૂંક કરવી.

૨. ગ્રંથાલયમાં એકાઉન્ટસી, વાણિજય સંચાલન, અર્થશાસ્ત્ર, કોમ્પ્યુટર એપ્લીકેશન અને અન્ય વિષયો તેમજ જનરલ રીડીંગને લગાના રૂ. ૩૦,૦૦૦/– ના પુસ્તકો અને રૂ. ૩,૦૦૦/– ના સામાયિકો ખરીદવામાં આવે.

૩. કોલેજ મકાનનું બાંધકામ કોઈ ચોકકસ અને વાજબી સમયમર્યાદા નકકી કરીને તે સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવે.

૪. યુનિવર્સિટીના તથા રાજય સરકારના ધારાધોરણોનું યથૉથ પાલન કરવામાં આવે.

૫. યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૬૯ – (એ) અને ૬૯ (બી) નું ચુસ્તપણે પાલન કરવામાં આવે.

૬. આચાર્યશ્રી, લાયબ્રેરીયન, ફીઝીકલ એજયુકેશનના વ્યાખ્યાતા તેમજ કોમ્પ્યુટર એજયુકેશન માટે વ્યાખ્યાતાની નિમણૂંક કરવી.

૭. એક હેડ કલાર્ક, એક સિનિયર કલાર્ક અને ૨ જુનિયર કલાર્ક ની નિમણૂંક કરવી.

૮. બે ઓફિસર અને ૪ પ્યુન ની નિમણૂંક કરવી

૯. કોલેજની બચત જે તે કોલેજમાં વિકાસમાં આપવામાં આવે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની શરતો મંજૂર કરવામાં આવે છે શરત નં. ૯ બધી સેલ્ફ ફાયનાન્સ કોલેજ માટે અમલમાં લાવવી અને શરતો એક યથાર્થ ફોર્મમાં આવે તે માટે કમિટિ બનાવવા માટે કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

(૪૮) સરકારી વિનયન અને વાણિજય કોલેજ, કરચેલિયા ( તા.મહુવા ) ની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩ – ૨૦૦૪ થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ યુનિવર્સિટીને મોકલેલ જોડાણ અર ના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોશ્રીઓએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪૦ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(શૈક્ષણિક)**

**<u>એકેડેમિક કાઉન્સિલ ની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪૦</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સરકારી વિનયન અને વાણિજય કોલેજ, કરચેલિયા ( તા.મહુવા ) ની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩ – ૨૦૦૪ થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ યુનિવર્સિટીને મોકલેલ જોડાણ અર ના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોશ્રીઓએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ માં જણાવ્યા

પ્રમાણેની નીચેની શરતો આધિન એક વર્ષ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ ના માટે ચાલુ/વધારાનું જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

**<u>શરતો :</u>**

૧. સદર કોલેજનાં સંચાલક મંડળના પ્રતિનિધિ તરીકે કોઈપણ વ્યકિત હાજર ન હતાં.બી વાર જયારે આ પ્રકારની સમિતિ મુલાકાત લે, ત્યારે ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગનાં સચિવશ્રી અથવા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીનાં કોઈપણ પ્રતિનિધિ હાજર રહે.

૨. સદર કોલેજની મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓ માટેની સુવિધાનો અભાવ જોવા મળ યો તે પૂર્ણ કરવામાં આવે.

૩. કોલેજમાં ચાલતા વાણિજય અને વિનયન વિદ્યાશાખામાં વિષયાનુસાર અધ્યાપકોની નિમણૂંક અપૂરતી છે. તેથી વર્કલોડનાં આધારે અધ્યાપકોની નિમણૂંક પૂરી કરવામાં આવે.

૪. કોલેજનાં વર્કલોડ અને તાસ યુ. .સી. નાં નિયમ પ્રમાણે હોવા જોઈએ. સમયનું પાલન અવશ્ય જરૂરી છે.

૫. કોલેજની લાયબ્રેરીમાં ખરીદવામાં આવેલ પુસ્તકો અપૂરતા છે. લાયબ્રેરીમાં મુખ્ય વિષયાનુસાર રૂા. ૧૦,૦૦૦/– ગૌણવિષયાનુસાર રૂા. ૫,૦૦૦/– ની ખરીદી કરવી જેમાં સંદર્ભગ્રંથોનો સમાવેશ આવશ્યક છે. સામયિકો તેમજ મેગેઝીન માટે રૂા. ૨૫,૦૦૦/– ની વાર્ષિક જોગવાઈ કરવી.

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો અને નિયમાનુસાર લેણાં સમયાનુસાર જમા કરાવવાં.

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો અને નિમયનું યથૉથ પાલન થવું જરૂરી છે.

૮. સ્ટાફનો પગાર બેંકના ખાતા દ્વારા ચેકથી કરવો.

૯. પૂર્ણસમયના આચાર્યશ્રીની નિમણૂંક કરવામાં આવે.

૧૦. ઓર્ડિનન્સ ૬૯ (એ) અને (બી) નું ચુસ્તપણે પાલન કરવું.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજુર કરવામાં આવે છે અને શરતોનો ચુસ્ત અમલ થાય તે માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરને રિપોર્ટ મોકલવો.

(૪૯) શ્રી સૂર્યપુર સંસ્કૃત પાઠશાળા મંડળ, સુરતની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી માન્ય સંસ્થા તરીકેની માન્યતા મેળવવા કરેલ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે નિયુકત કરેલ સ્થાનિક

તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડમિક કાઉન્સિલે તેની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪૧ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(શૈક્ષણિક)**

**<u>એકેડેમિક કાઉન્સિલ ની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪૧</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સૂર્યપુર સંસ્ક ત પાઠશાળા મંડળ, સુરતનીશૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી માન્ય સંસ્થા તરીકેની માન્યતા મેળવવા કરેલ અર ના સંદર્ભમાં સિન્ડિકેટ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ માં જણાવ્યા પ્રમાણેની નીચેની શરતો આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ અને ૨૦૦૪–૨૦૦૫ એમ બે વર્ષ માટે માન્ય સંસ્થા તરીકે માન્યતા આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

**<u>શરતો :</u>**

૧. યુનિવર્સિટીએ પ્રથમ જોડાણ સમયે મૂકેલી શરતોનું પાલન થયું છે તે બાબતનો અહેવાલ કુલસચિવશ્રી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતને મોકલવો.

૨. યુનિવર્સિટી સાથે મળેલા જોડાણ વર્ષથી ૩૧ – માર્ચ – ૨૦૦૨ સુધીના વર્ષના વ્યવસ્થિત ઓડિટ રિપોર્ટ યુનિવર્સિટીમાં રજૂ કરવો.

૩. અભ્યાસક્રમને અનુલક્ષીને નિયમાનુસાર યોગ્ય લાયકાતવાળા અધ્યાપકોની સેવા મળી રહેશે તે બાંહેધરી આપવી.

૪. ગ્રંથાલયમાં દર વર્ષે રૂા. ૬,૦૦૦/– ના પુસ્તકો અને રૂા. ૭૫૦/– ના સામાયિકોની જોગવાઈ કરવી.

૫. સંસ્થાના સંચાલનમાં જતી ખોટ ભરપાઈ કરવાની બાંહેધરી આપવી.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે.

(૫૦) સદ્વિદ્યા મંડળ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલો , ભરૂચની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩ – ૨૦૦૪ થી જોડાણ મેળવવા માટેની જોડાણઅરજી ના સંદર્ભમાં સિન્ડિકેટ, નિયુકત સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડમિક કાઉન્સિલે તેની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૧ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(શૈક્ષણિક)**

**<u>એકેડેમિક કાઉન્સિલ ની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૧</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદ્દવિદ્યા મંડળ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલો , ભરૂચની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩ – ૨૦૦૪ થી જોડાણ મેળવવા માટેની જોડાણઅર ના સંદર્ભમાં સિન્ડિકેટ, નિયુકત સ્થાનિક તપાસસમિતિનાસભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધિન એક વર્ષ માટે ( ૨૦૦૩–૨૦૦૪ ) જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે. તેમજ પ્રસ્તુત શરતોનું ચુસ્તપણે પાલન થાય તે માટે ચકાસણી કરવા યોગ્યસમયસીમા નકકી કરી જૂન / જુલાઈમાં વેરીફીકેશન કમિટિ મોકલવા સિન્ડિકેટને

ભલામણ કરે છે.

**<u>શરતો :</u>**

૧. પૂર્ણ સમયના આચાર્યની તાત્કાલિક નિમણૂંક કરવી.

૨. આવશ્યક ૬ કલાસરૂમોનું તત્કાલીન બાંધકામ શરૂ કરવું.

૩. દરેક અભ્યાસદીઠ આવશ્યક પ્રોફેસર, આસી. પ્રોફેસરની તાત્કાલીક નિમણૂંક કરવી.

૪. શિક્ષકોનો વર્કલોડ ઘણો વધુ છે. વિવિધ અભ્યાસક્રમ માટે આવશ્યક વ્યાખ્યાતાઓની નિમણૂંક તાત્કાલિક ધોરણે જાહેરાત આપીને કરવી.

૫. સિનિયર સ્કેલ મળવાપાત્ર શિક્ષકો પાસે અર મંગાવી નિયમોનુસાર સિનિયર સ્કેલ આપવો.

૬. કોલેજનો સમય બે ભાગની જગ્યાએ એક જ રાખવો.

૭. હોસ્ટેલના વિદ્યાર્થીની ફી બાબતે યુનિવર્સિટીની પરવાનગી લેવી.

૮. નવા અભ્યાસક્રમોની આવશ્યક પ્રયોગશાળા તાત્કાલિક ધોરણે બનાવવી.

૯. શિક્ષકો માટે બેઠકની અલાયદી વ્યવસ્થા એ.આઈ.સી.ટી.ઈ.નાં નિયમોનુસાર કરવી.

૧૦. શૈક્ષણિક / બિનશૈક્ષણિક કર્મચારીને વર્તમાન ૫૨ % ડી.એ. એરીયર્સ સાથે આપવું. રાજય સરકાર તરફથી જયારે જયારે ડી.એ. માં વધારો જાહેર કરવામાં આવે ત્યારે નિયમોનુસાર તેનો તાત્કાલિક અમલ કરવો.

૧૧. કર્મચારીઓને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ આપવું.

૧૨. દર વર્ષે વધુ અભ્યાસાર્થે દરેક વિભાગમાં ઓછામાં ઓછાં એક શિક્ષકને (એમ.ઈ./એમ.ટેક./પી.એચ.ડી. માં એડમિશન લીધા પછી ) સીનીયોરીટીના ધોરણે મોકલવાં.

૧૩. પ્રયોગશાળા દીઠ લેબોરેટરી આસી. ની તાત્કાલિક ભરતી કરવી.

૧૪. મહેકમમાં ઓનરરી સ્ટાફનાં સ્થાને રેગ્યુલર એપોઈન્ટમેન્ટ કરવી. મહેકમમાં નિયમોનુસાર આવશ્યક ઓફિસ સુપ્રિ., એકાઉન્ટટ, હેડ કલાર્ક, જેવા સીનીયર અધિકારીઓની તાત્કાલિક નિમણૂંક કરવી.

૧૫. ટ્રેનીંગ પ્લેસમેન્ટ સેલ બનાવી તેમાં પૂર્ણ સમયનાં, યોગ્ય લાયકાત ધરાવતાં ટ્રેનીંગ પ્લેસમેન્ટ ઓફિસરની તાત્કાલિક નિમણૂંક કરવામાં આવે.

૧૬. પૂર્ણ સમયના યોગ્ય લાયકાત ધરાવતા વર્કશોપ સુપ્રિન્ટેન્ડેટની તાત્કાલિક નિમણૂંક કરવામાં આવે.

૧૭. સર્વિસ બુકો સમયે સમયે મેઈન્ટેઈન કરવામાં આવે.

૧૮. યુનિવર્સિટીના ફોર્મેટ અનુસાર શિક્ષકોની નિમણૂંક માટે જાહેરાત આપવી. જાહેરાતમાં આવશ્યક શિક્ષકોની સંખ્યા આવશ્યક બતાવવી. જાહેરાત બાદ લાંબો સમય પસાર ન કરતા તાત્કાલિક ધોરણે ઈન્ટરવ્યુ કરીને શિક્ષકોને નિમણૂંક આપવી.

૧૯. યુનિ./એ.આઈ.સી.ટી.ઈ. ના નિયમોનુસાર યોગ્ય લાયકાત અને ધારાધોરણો મુજબનાં જ વીઝીટીંગ ફેકલ્ટી / પ્રાધ્યાપકો વર્ગ કાર્ય માટે બોલાવવામાં આવે.

૨૦. કોલેજના કર્મચારીઓ માટે સ્ટાફ કવાટર્સ બનાવવામાં આવે.

૨૧. ઓર્ડિનન્સ ૬૯ (એ) અને (બી) નું ચુસ્તપણે પાલન કરવું.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદ્વિદ્યા મંડળ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી, ભરૂચની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર મુલાકાત લઈ, મોકલેલ અહેવાલના અનુસંધાનમાં નીચેની શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માટે ઈલેકટ્રીકલ, મિકેનીકલ, કેમીકલ એન્જિનિયરીંગ અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ તથા આઈ.ટી., ઈલેકટ્રોનીકસ અને કોમ્પ્યુટર એન્જિનિયરીંગ અભ્યાસક્રમો માટે પ્રથમ અને બીજા વર્ષનું ચાલુ જોડાણ તથા ત્રીજા વર્ષ માટેનું વધારાનું જોડાણ આપવા માટે ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ઉપરોકત શરતો રીફ્રેમ કરી નીચે મુજબ મુકવામાં આવી.

**શરતો :**

(૧) એ.આઈ.સી.ટી.ના ધોરણો મુજબની જરૂરિયાત સંતોષાય તે રીતે પૂર્ણ સમયના આચાર્ય તેમજ દરેક અભ્યાસશાખા માટે જરૂરી પ્રોફેસર, આસિસ્ટન્ટ પ્રોફેસર તથા લેકચરરોની નિમણૂંક તાત્કાલિક કરવી. આ માટે અપાતી જાહેરાત, યોગ્ય

ફોર્મેટમાં દરેક જગ્યાની સંખ્યા સ્પષ્ટ રીતે બતાવી, આપવી. જાહેરાત પછી વિલંબ વિના જગ્યા પૂરવાની તમામ કાર્યવાહી વિધિસર પૂર્ણ કરવી.

(૨) વિઝિટીંગ ફેકલ્ટી માટે એ.આઈ.સી.ટી./ યુનિવર્સિટી મંજૂરી આપતા હોય ત્યાં તે નિયમાનુસાર, યોગ્ય લાયકાતવાળા હોય તે ધ્યાનમાં રાખીને જ બોલાવવામાં આવે.

(૩) પૂર્ણ સમયના યોગ્ય લાયકાતવાળા વર્કશોપ સુપ્રિટેન્ડેન્ટની તથા દરેક પ્રયોગશાળા દીઠ લેબોરેટરી આસિસ્ટન્ટની તાત્કાલિક ભરતી કરવામાં આવે.

(૪) બિન–શૈક્ષણિક કર્મચારી મહેકમમાં નિયમ અનુસાર રેગ્યુલર નિમણૂંક કરવામાં આવે. ઓનરરી સ્ટાફની પ્રથા બંધ કરવામાં આવે.

(૫) સિનીયર સ્કેલ મેળવવા પાત્ર કર્મચારીઓને સિનીયર સ્કેલ આપવામાં આવે. તેજ રીતે રાજય સરકારના જે તે સમયના નિર્ણયો અનુસાર ડી.એ. તથા ટ્રાન્સપોર્ટ એલાઉન્સ સહિતના તમામ ભથ્થાં સમયસર આપવામાં આવે.

(૬) ટ્રેનીંગ તથા પ્લેસમેન્ટ માટેની સેવા માટે નિયમ અનુસાર જોગવાઈ કરવામાં આવે.

(૭) તમામ કર્મચારીઓની સર્વિસ બુક યોગ્ય રીતે બનાવવામાં આવે.

(૮) આવશ્યક ૬ (છ) વર્ગખંડો તથા નવા અભ્યાસક્રમ માટે જરૂરી પ્રયોગશાળા તાત્કાલિક તૈયાર કરવામાં આવે અને તેની જાણ યુનિવર્સિટીને તરત કરવામાં આવે.

(૯) કોલેજના સંચાલનમાં ખોટ જાય તો તે ભરપાઈ કરવાની સંચાલક મંડળ બાંહેધરી આપે.

(૧૦) ઓ. ૬૯(એ) તથા (બી) નું પાલન કરવામાં આવે.

(૧૧) યુનિવર્સિટી તથા રાજય સરકારના તમામ ધારાધોરણો તથા આદેશોનું પાલન કરવામાં આવે.

(૫૧) વાલિયાની શ્રી રંગ નવચેતન મહિલા મહાવિદ્યાલયનું જૂન,૨૦૦૨ થી કાયમી ધોરણે જોડાણ મેળવવા શ્રી નવચેતન એજ્યુકેશન સોસાયટીના મંત્રીશ્રીએ તેમના તા.૩૦–૧૦–૦૧ ના પત્ર સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણ અર ના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડમિક કાઉન્સિલે તેની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૫ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(શૈક્ષણિક)**

**<u>એકેડેમિક કાઉન્સિલ ની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૫</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, વાલિયાની શ્રી રંગ નવચેતન મહિલા મહાવિદ્યાલયનું જૂન,૨૦૦૨ થી કાયમી ધોરણે જોડાણ મેળવવા શ્રી નવચેતન એજ્યુકેશન સોસાયટીના મંત્રીશ્રીએ તેમના તા.૩૦–૧૦–૦૧ ના પત્ર સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણ અર ના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા

પ્રમાણે નીચેની શરતોનું યથૉથ પાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ જૂન – ૨૦૦૨ થી કાયમી ધોરણે જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

**<u>શરતો :</u>**

૧. યુનિવર્સિટીનાં નિયમ પ્રમાણે નિયમાનુસાર જે તે વિષયનાં ખૂટતાં અધ્યાપકો તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓની નિયમિત નિમણૂંક કરવામાં આવે.

૨. દરેક મુખ્ય વિષય માટે રૂા. ૧૦,૦૦૦/– નાં અને ગૌણ વિષય માટે રૂા. ૫,૦૦૦/– નાં તેમજ અન્ય વિષય માટે રૂા. ૧૦,૦૦૦/– નાં પુસ્તકો દર વર્ષે ખરીદવામાં આવે.

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણોનું યથૉથ પાલન કરવામાં આવે તેમજ સંચાલનામાં જતી ખોટ ભરપાઈ કરવા માટે સંચાલકો બાંહેધરી આપે.

૪. ઓર્ડિનન્સ ૬૯ (એ) અને (બી) નું ચુસ્તપણે પાલન કરવું.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે.

(૫૨) સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, નેત્રંગની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ નું ચાલુ/ વધારાનું જોડાણ મેળવવા યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅર ના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ

સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૬ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(શૈક્ષણિક)**

**<u>એકેડેમિક કાઉન્સિલ ની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૬</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, નેત્રંગની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ નું ચાલુ/ વધારાનું જોડાણ મેળવવા યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅર ના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ માં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોનું યથૉથ પાલન કરવાની શરતે એક વર્ષ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માટે ચાલુ / વધારાનું જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

**<u>શરતો :</u>**

૧. સદર કોલેજનાં સંચાલક મંડળના પ્રતિનિધિ તરીકે કોઈ પણ વ્યકિત હાજર ન હતાં. બી વાર જયારે આ પ્રકારની સમિતિ મુલાકાત લે, ત્યારે ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગનાં સચિવશ્રી અથવા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીનાં કોઈ પણ એક પ્રતિનિધિ હંમેશા હાજર રહે.

૨. સદર કોલેજની મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓ માટેની સુવિધાનો અભાવ જોવા મળયો તે પૂર્ણ કરવામાં આવે.

૩. કોલેજમાં ચાલતા વાણિજય અને વિનયન વિદ્યાશાખામાં વિષયાનુસાર અધ્યાપકોની નિમણુંક અપૂરતી છે. તેથી વર્કલોડનાં આધારે અધ્યાપકોની નિમણુંક પૂરી કરવામાં આવે. યુનિવર્સિટીના ધારાધોરણો પ્રમાણે સરકાર સિવાયની

કોલેજમાં સિલેકશન સમિતિ અધ્યાપકોની નિમણૂંક કરે છે જયારે સરકારી કોલેજોમાં જી.પી.એસ.સી દ્વારા સીધી નિમણૂંક કરવામાં આવે છે તે માટે યુનિવર્સિટીના ધારાધોરણોનું પાલન થાય છે કે કેમ ? વિચારવા લાયક પ્રશ્ન છે.

૪. કોલેજના વિદ્યાર્થી સંખ્યા પ્રમાણે રમતગમતનાં સાધનોની અપૂર્તતા દેખાઇ આવી , જે સત્વરે પૂર્ણ કરવી.

૫. કોલેજની લાયબ્રેરીમાં ખરીદવામાં આવેલ પુસ્તકો અપૂરતા છે. લાયબ્રેરીમાં મુખ્ય વિષયાનુસાર રૂા. ૧૦,૦૦૦/– ગૌણવિષયાનુસાર રૂા. ૫,૦૦૦/– ની ખરીદી કરવી જેમાં સંદર્ભગ્રંથોનો સમાવેશ આવશ્યક છે. સામયિકો તેમજ મેગેઝીન માટે રૂા. ૨૫,૦૦૦/– ની વાર્ષિક જોગવાઈ કરવી.

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો અને નિયમાનુસાર લેણાં સમયાનુસાર જમા કરાવવાં.

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો અને નિયમોનું યથૉથ પાલન થવું જરૂરી છે.

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો અને નિયમાનુસાર વિદ્યાર્થીઓની આંતરિક કસોટીનાં પ્રશ્નપત્ર અને ગુણાંકનની સભાનતા રાખવી જરૂરી છે.

૯. સ્ટાફનો પગાર બેંકના ખાતા દ્વારા ચેકથી કરવો.

૧૦. ઓર્ડિનન્સ ૬૯ (એ) અને (બી) નું ચુસ્તપણે પાલન કરવું.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે.

(૫૩) માલીબા ફાર્મસી કોલેજ, તરસાડીની શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૨૦૦૨નું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅર ના સંદર્ભમાં સિન્ડિકેટ, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૭ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(શૈક્ષણિક)**

**<u>એકેડેમિક કાઉન્સિલ ની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૭</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, માલીબા ફાર્મસી કોલેજ, તરસાડીની શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૨૦૦૨નું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅર ના સંદર્ભમાં સિન્ડિકેટ, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ માં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોનું યથૉથ પાલન કરવાની શરતે અને એ.આઈ.સી.ટી.ઈ. એ આપેલ શરતો પ્રમાણે શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૨૦૦૨ નું વધારાનું જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે. વધુમાં પ્રસ્તુત શરતોનું ચુસ્તપણે પાલન થાય તે માટે ચકાસણી કરવા વેરીફીકેશન કમિટિની તાત્કાલિક નિમણૂંક કરવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

**<u>શરતો :</u>**

૧. નવું મકાન જેમાં ભવિષ્યમાં કોલેજ ચલાવવામાં આવનાર છે, તે શહેરથી ઘણી દૂર હોવાથી વિદ્યાર્થીઓને આવજાવ કરવાના પ્રશ્નો ઉપસ્થિત થાય છે, જયાં હોસ્ટેલની

સુવિધા જણાતી નથી તો તે બાબતમાં સંસ્થાએ વિચારી સુવિધા ઉપલબ્ધ કરવી પડશે.

૨. એ.આઈ.સી.ટી.એ. ના નોમર્સ પ્રમાણે સિનિયર ફેકલ્ટીઓ નીમવાનું કરવામાં આવે.

૩. આચાર્યની નિમણૂંક હજુ સુધી કરવામાં આવી નથી, તેની નિમણૂંક કરવામાં આવે.

૪. લાયબ્રેરીમાં સંદર્ભ પુસ્તકો, વિદેશી વોલ્યુમોનો પણ સમાવેશ કરવામાં આવે.

૫. નવું મકાનનું હજુ કામ ચાલુ હોવાથી લેબોરેટરી નિયમ પ્રમાણે છે કે નહી તે જોવા મળ્યું નથી પણ એ માટે વેરીફિકેશન કરવામાં આવે.

૬. ગવર્નિંગ બોડીની રચના કરવામાં આવી નથી જે તાત્કાલિક જ રચવી જોઈએ.

૭. નવા બિલ્ડીંગની સામે મેદાન બનાવવાની જરૂરિયાત છે તે ઉભી કરવી જોઈએ.

૮. કોમનરૂમની વ્યવસ્થા કરવી જરૂરી છે.

૯. એ.આઈ.સી.ટી.ઈ. ના નોમર્સ પ્રમાણે કેન્ટિનની વ્યવસ્થા જણાતી નથી, ઉભી કરવી જરૂરી છે.

૧૦. કોલેજના સંચાલનમાં ખોટ આવે તો તે ખોટ ભરપાઈ કરવાની સંપૂર્ણ જવાબદારી સંચાલક મંડળની રહેશે.

૧૧. યુનિવર્સિટીના વખતોવખત અમલમાં આવતા ધારાધોરણોનું યથૉથ પાલન કરવાનું રહેશે.

૧૨. ઓર્ડિનન્સ ૬૯ (એ) અને (બી) નું ચુસ્તપણે પાલન કરવું.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે. વધુમાં શરત નં. ૮ માં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે કોમન રૂમની વ્યવસ્થા કરવી જરૂરી છે.

ફાર્મસીના ડિપ્લોમાંના બધાજ અભ્યાસની શું પરિસ્થિતિ છે , તે તપાસીને અહેવાલ આપવા નીચે મુજબની વેરીફિકેશન કમિટિ નીમી.

(૧) આ.શ્રી. આર.સી.શુકલ (૨) ડો. કે.આર. દેસાઈ

(૩) પ્રા. ગિરીશભાઈ રાણા (૪) પ્રા. પંકજભાઈ ગઢિયા

(૫) પ્રા. અનિલભાઈ ગોયલ

(૫૪) વ્યારાની શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે.કે.શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૨ થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ.નું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજી ના સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૮ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(શૈક્ષણિક)**

**એકેડેમિક કાઉન્સિલ ની તા.૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૮**

:: આથી ઠરાવવામાં આવે છે કે, વ્યારાની શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે.કે.શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૨ થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ.નું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજી ના સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ માં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધીન શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ માટે પ્રથમ અને દ્રિતીય વર્ષનું ચાલુ જોડાણ તથા ત્રીજા વર્ષનું વધારાનું જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

**શરતો :**

૧. યુનિવર્સિટીના ધારાધોરણોનું યથાર્થ પાલન કરવાની બાંહેધરી આપવામાં આવે.
૨. રાજય સરકારના તથા યુનિવર્સિટી તરફથી વખતોવખત આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવામાં આવે.
૩. સંચાલનમાં જો ખોટ જાય તો તે ભરપાઈ કરવાની બાંહેધરી આપવામાં આવે.
૪. અભ્યાસક્રમ મુજબ ગ્રંથાલયમાં જરૂરી પુસ્તકો તથા સામયિકો મંગાવવાનું ચાલુ રાખવામાં આવે.
૫. આચાર્યશ્રી કે ડાયરેકટરની નિમણૂંક કરવી.
૬. ઓર્ડિનન્સ ૬૯ (એ) અને (બી) નું ચુસ્તપણે પાલન કરવું.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે.

(૫૫) મેડીકલ ફેકલ્ટીના અનુસ્તાક અભ્યાસની શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૨૦૦૨ના વર્ષ દરમ્યાનની ઓલ ઈન્ડિયા સરન્ડર સીટ ભરવા વિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં નીચેના સભ્યની કમિટિ નીમવી.

(૧) આ.શ્રી.આર.સી.શુકલ

(૨) પ્રા. અનિલભાઈ ગોયલ

(૩) શ્રી હેમંતભાઈ ટોપીવાલા

(૫૬) શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૨૦૦૨ માટે એમ.ફીલ./પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃતિ એનાયત કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૨–૫–૨૦૦૨ ના ઠરાવ નં. ૯ અન્વયે, નીમેલા સમિતિની તા. ૬–૨–૨૦૦૩ ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે.

(૫૭) તા.૧૦–૪–૨૦૦૩ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની નીચે જણાવેલ બાબત ક્રમાંક : ૩ ના ઠરાવ પર વિચારણા કરવા બાબત.

**(બાંધકામ)**

બાબત : (૩) યુનિવર્સિટી કેમ્પસ પર સ્પોર્ટસ માટે ગ્રાઉન્ડ બનાવવા માટી પુરાણ કરવા મળેલ ટેન્ડરોના તુલનાત્મક પત્રક પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતે વધુ વિગત શારિરિક શિક્ષણ અને યુવક કલ્યાણ વિભાગન નિયામકશ્રી પાસેથી મેળવી આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી અને માટી પુરાણ કરવા માટે મળેલ ટેન્ડરની અંદાજીત રકમ રૂા. ૯,૯૯,૮૧૪/– કરવા ૨૦ ટકા ઓછા ભાવ

સાથેનું એટલે કે રૂા. ૭,૯૯,૮૫૧.૨૦ પૈસાનું ટેન્ડર સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ પર સ્પોર્ટસ માટે ગ્રાઉન્ડ બનાવવા માટી પુરાણ કરવા મળેલ ટેન્ડરો પૈકી મેસર્સ એન.એન.પટેલનું રૂા. ૭,૯૯,૮૫૧.૨૦/– પૈસાનું ટેન્ડર મંજૂર કરવામાં આવે છે.

(૫૮) તા.૧૦–૪–૨૦૦૩ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની નીચે જણાવેલ બાબત ક્રમાંક : ૬ ના ઠરાવ પર વિચારણા કરવા બાબત.

**(બાંધકામ)**

બાબત : (૬) યુનિવર્સિટી કેમ્પસ ખાતેના કુલપતિશ્રી નિવાસની Stability અંગે સ્ટ્રકચરલ કન્સલટન્ટ તરફથી મળેલ રીપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કેમ્પસ ખાતેના કુલપતિશ્રી નિવાસની Stability અંગે સ્ટ્રકચરલ કન્સલટન્ટના અભિપ્રાય મુજબ કુલપતિશ્રી બંગલો સંપૂર્ણ તોડી સિન્ડિકેટને ભલામણ કરવી.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતેના કુલપતિ નિવાસની Stability અંગે સ્ટ્રકચરલ કન્સલટન્ટ શ્રી રાજીવ મારફતીયા, સુરતના નો રિપોર્ટ આંશિક મંજૂર કરવા જેમાં કુલપતિશ્રીના બંગલાની ઉત્તર દિશા તરફનો (જમણી બાજુના) બે રૂમ તોડી પાડવા અને બાકીનું બાંધકામ યથાવત રાખવું તે ઉપરાંત નવા વી.સી. બંગલા તથા નવા વી.આઈ.પી. ગેસ્ટ હાઉસ બનાવવા માટેનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવે છે.

(૫૯) તા.૧૦–૪–૨૦૦૩ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની નીચે જણાવેલ બાબત ક્રમાંક : ૧ ના ઠરાવ પર વિચારણા કરવા બાબત.

**(બાંધકામ)**

(૧) કેમ્પસ ખાતે કમ્પાઉન્ડવોલ અને ગેઈટ બાંધવા માટે મળેલ ટેન્ડરોનું આર્કિટેકટ શ્રી ભરતભાઈ શેઠ તરફથી તૈયાર થઈને મળેલ તુલનાત્મક પત્રક પર વિચારણા કરવા બાબત.

:: કેમ્પસ ખાતે કમ્પાઉન્ડ વોલ અને ગેઈટ બનાવવા માટે બે વિકલ્પ પ્રમાણેના ટેન્ડરો મંગાવવામાં આવ્યા હતા તે પૈકી વિકલ્પ ૦૧+ બી પ્રમાણે એટલે કે Cast in Sity એટલે કે સ્થળ પર કમ્પાઉન્ડ વોલ માટેનાં પેનલ વગેરે તૈયાર કરવા માટેનો વિકલ્પ પાર્ટ–એમાં ૦૧ સૌથી ઓછા ભાવ મેસર્સ નુતન કનસ્ટ્રકશન સુરતના અંદાજીત રકમ કરતા ૨૫.૫૨ ટકા પ્રમાણેનું સૌથી ઓછા ભાવ સાથેનું કુલ રૂ. ૯૦,૧૬,૧૦૩–૩૮ પૈસાનું ટેન્ડર સ્વીકારવુ જયારે પાર્ટ–બીમાં એટલે કે ગેઈટ બનાવવાનું સૌથી ઓછા ભાવનું ટેન્ડર મેસર્સ ઓરિએન્ટ બિલ્ડર્સ, સુરતનું છે જયારે નુતન કનસ્ટ્રકશનના ભાવ અંદાજીત રકમ ના ૫.૧૧ ટકા ઓછા ભાવનું એટલે કે રૂ. ૨,૬૯,૦૪૫–૪૧ પૈસાનું છે. આથી કામના ભાગલા ન પાડતા સમગ્ર કમ્પાઉન્ડ વોલ અને ગેઈટ બનાવવા સાથેનું

એટલે કે (પાર્ટ–એ અને પાર્ટ–બી મળી રૂા. ૬૨,૮૫,૧૪૮–૭૯ પૈસાનું ટેન્ડર મેસર્સ નુતન કનસ્ટ્રકશન કંપની સુરતનું સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, કેમ્પસ ખાતે કમ્પાઉન્ડ વોલ અને ગેઈટ બાંધવા માટે મળેલ ટેન્ડરો પૈકી મેસર્સ નૂતન કન્સ્ટ્રકશન, સુરતનું કુલ રકમ રૂા. ૬૨,૮૫,૧૪૮.૭૯/– પૈસાનું ટેન્ડર મંજૂર કરવામાં આવે છે.

(૬૦) દશમી પંચવર્ષિય યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી " Ow account" ગ્રાન્ટના રૂા. ૮૫,૮૦,૦૦૦/– નો પ્રથમ હપ્તો આવેલ છે, જે માટે યુનિયન બેંક ઓફ ઈન્ડીયામાં નવું એકાઉન્ટ (Xth Plan UGC Account) ખોલવા માટે અનુમોદન આપવા બાબત. **(હિસાબી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે.

(૬૧) યુનિવર્સિટી કાર્યાલયના ઉપયોગમાં લેવતી એમ.આર.એસ. વિભાગની આર્મડા જીપ જીજે–૫–પીપી ૮૯૬૩ ના વપરાશના સંદર્ભમાં નાણા સમિતિના ઠરાવ તા. ૧૫–૫–૨૦૦૦ ક્રમાંક (૯) થી મંજૂર કર્યા મુજબ યુનિવર્સિટી ધ્વારા કિ.મી. દીઠ રૂા. ૩/– પેટે ચુકવવામાં આવે છે. પરંતુ સદર વિભાગના પ્રા. એન્ડ હેડ ડૉ. દ્વિલિપ આર. શાહ તેમના તા. ૧૭–૨–૨૦૦૩ ના પત્રથી પ્રવંર્તમાન સંજોગોમાં હાલ ડિઝલ, રીપેરીંગ તથા વિમા વિગેરેના ભાવમાં વૃધ્ધિ થયેલ હોવાથી, તેમની માગણી વ્યાજબી ગણી ને યોગ્ય પ્રમાણમાં દર સુધારી આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

**(જનરલ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.આર.એસ. વિભાગની આર્મડા જીપનો યુનિવર્સિટીના ઉપયોગ માટે વાપરવામાં આવે ત્યારે કિ.મી. દીઠ રૂા. ૪/– પેટે ચૂકવવામાં આવે.

(૬૨) તાજેતરમાં યુનિવર્સિટીના નીચે જણાવેલ વિવિધ ભાગોમાં પ્રોફેસર, લેકચરર (શૈક્ષણિક જગાઓ) તેમજ યુનિવર્સિટી ગ્રંથાલયમાં લાઈબ્રેરીયન (બિન–શૈક્ષણિક જગા) ની આપવામાં આવેલ જાહેરાત સંદર્ભમાં O.37(I)(5) તેમજ (IV) હેઠળ પસંદગી સમિતિની રચના કરવા અંગે કરવામાં આવેલ જોગવાઈ સંદર્ભમાં ત્રણ નિષ્ણાંતોની નિમણૂંક કરવા તેમજ O.37(I)(7) અંતર્ગત અનુ. જન જાતિના અનામત કેટેગરીના ઉમેદવાર માટે આપવામાં આવેલ જાહેરાત સંદર્ભમાં પસંદગી સમિતિ પર આ જગાના પ્રતિનિધિની નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત. **(જનરલ)**

| <u>ક્રમ</u> | <u>વિભાગ</u> | <u>જગા</u> |
|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર સાયન્સ | પ્રોફેસર – ૧ |
| | | લેકચરર –૧ (એસ.ટી./એસ.ઈ.બી.સી.) |
| ૨ | મેથેમેટિકસ | પ્રોફેસર – ૧ |
| ૩ | એમ.એસ.સી.(આઈ.ટી.) | લેકચરર – ૩ |
| ૪ | યુનિવર્સિટી ગ્રંથાલય | લાયબ્રેરીયન – ૧ (બિન શૈક્ષણિક) |

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

**<u>જાણ સારું</u>**

(૬૩) વિશ્વવિદ્યાલય અનુદાન આયોગે દશમી પંચવર્ષીય યોજના હેઠળ પ્રથમ હપ્તા તરીકે " On Account " રૂ.૮૫,૮૦,૦૦૦/– ( રૂપિયા પંચ્યાસી લાખ એંસી હજાર પુરા ) ની આર્થિક સહાય મંજૂર કર્યા અંગેની જાણ કરતા આયોગના તા: ૧૭–૩–૨૦૦૩ના પત્રક્રમાંક: એફ.૩૦–૨/૨૦૦૩ (એસ.યુ.આઈ.) ની જાણ થવા સારું.

**(યુ.જી.સી.)**

:: ઉપરોકત બાબતની નોંધ લેવામાં આવી.

(૬૪) સંલગ્ન કોલેજો તથા અનુસ્નાતક ભવનોમાં ભણતા વિદ્યાર્થી/વિદ્યાર્થીઓના નામ અથવા અટકમાં ફેરફાર અંગે આવતી અરજીઓ અંગે જરૂરી કાર્યવાહી કરવા આધાર તરીકે ગવર્નમેન્ટ ગેઝેટની નકલ પુરાવા તરીકે રજૂ કરવાનો આગ્રહ રાખવા અને તે રજૂ કરનારને નામ અટકમાં ફેરફાર કરી આપવા અંગે નિતિ વિષયક નિર્ણય કરવા અંગે વિચારણા કરવા બાબત.

**(શૈક્ષણિક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે.

(૬૫) વ્યારાની શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટસ એન્ડ શ્રીમતી જે.કે.શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૧ થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ.નું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડમિક કાઉન્સિલે તેની તા: ૧૦–૦૪–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક: ૫૯ અન્વયે, કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(શૈક્ષણિક)**

**<u>એકેડેમિક કાઉન્સિલની તા: ૧૦–૦૪–૦૩ની સભાના ઠરાવ ક્રમાંક: ૫૯</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, વ્યારાની શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટસ એન્ડ શ્રીમતી જે.કે.શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૧ થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ.નું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૨૦૦૨ માટે બી.સી.એ. પ્રથમ વર્ષનું ચાલુ જોડાણ તથા બીજા વર્ષનું વધારાનું જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

**<u>શરતો:</u>**

૧. યુનિવર્સિટીના ધારા ધોરણોનું યથાર્થ પાલન કરવાની બાંહેધરી આપવામાં આવે.

૨. રાજય સરકારના તથા યુનિવર્સિટી તરફથી વખતોવખત આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવામાં આવે.

૩. સંચાલનમાં જો ખોટ જાય તો તે ભરપાઈ કરવાની બાંહેધરી આપવામાં આવે.

૪. અભ્યાસક્રમ મુજબ ગ્રંથાલયમાં જરૂરી પુસ્તકો તથા સામાયિકો મંગાવવાનું ચાલુ રાખવામાં આવે.

૫. આવશ્યક શિક્ષકોની નિમણૂંક કરવામાં આવે.

૬. મહેકમ પ્રમાણે નોન ટીચીંગ સ્ટાફની નિમણૂંક કરવામાં આવે.

૭. ઓર્ડિનન્સ ૬૯ (એ) અને (બી) નું ચુસ્તપણે પાલન કરવું.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે.

(૬૬) નીચે જણાવેલ સભ્યો–સેનેટ સભ્યોએ યુનિવર્સિટીને ફેકલ્ટી પસંદગીનો વિકલ્પ ન આપેલો હોવાથી તેઓને ફેકલ્ટી એનાયત કરવા બાબતમાં વિચારણા કરવા સારું.

**(સિન્ડિકેટ)**

૧. શ્રી ગૌરાંગભાઈ વી. વૈદ્ય

૨. શ્રીમતી સાધનાબેન ભંડારી

૩. શ્રી દિપકભાઈ આફ્રિકાવાળા

૪. શ્રી ધર્મેશભાઈ મીસ્ત્રી

૫. શ્રી વિજયભાઈ પટેલ

૬. શ્રી હેમંતભાઈ ટોપીવાળા

૭. શ્રી ભીખાભાઈ બોઘરા

૮. શ્રી વિનોદભાઈ પટેલ

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત સેનેટ સભ્યોને ફેકલ્ટી એનાયત કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

(૬૭) યુનિવર્સિટી સંલગ્ન સી.કે.પીઠાવાલા કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, રંદેર રોડ, સુરતનું નવું સ્થળ માલવણ, ડુમસ–ભીમપોર રોડ પાસે, તા.ચોર્યાસી મુકામે બદલવા અંગે એ.આઈ.સી.ટી.ઈ., નવી દિલ્હીને રજૂ કરવા માટે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું કાયમી સ્થળ ફેર અંગેનું એન.ઓ.સી. (N.O.C.) મેળવવા યુનિવર્સિટીને કરેલ વિનંતીના સંદર્ભમાં એન.ઓ.સી. બાબતમાં અહેવાલ આપવા માટે સિન્ડિકેટ, તા: ૨૮–૨/૪–૩–૨૦૦૩ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક: (૨૬) અન્વયે, નિયુકત સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ મંજૂર કરવામાં આવે છે. તથા એન.ઓ.સી. (N.O.C.) આપવા ભલામણ કરવામાં આવે છે.

(૬૮) તા: ૧૦–૦૪–૨૦૦૩ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની નીચે જણાવેલ બાબત ક્રમાંક–૪ના ઠરાવ પર વિચારણા કરવા બાબત.

**(બાંધકામ)**

**બાબત:** યુનિવર્સિટી કેમ્પસ ખાતે બંધાઈ રહેલ કે કેમેસ્ટ્રી બિલ્ડીંગના ટેન્ડરના જથ્થામાં તથા કુલ રકમમાં વધારો થતાં મંજૂર થયેલ ટેન્ડર રકમ કરતાં જથ્થામાં તથા કુલ રકમમાં વધારાનો ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તુત બાબત વધુ વિચારણા માટે આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિગતવાર માહિતી મંગાવી સિન્ડિકેટની વિચારણા માટે મુકવી.

(૬૯) યુનિવર્સિટી કાર્યાલયના વપરાશમાં લેવાતી એમ્બેસેડર (નોવા–ડિઝલ) ગાડી નંબર જીજે– ૫–એન –૬૫૭૪માં રીપેરીંગ કામ અર્થે ઝેનીથ ઓટોમોબાઈલ્સ, નાનપુરા, સુરત ખાતે મુકવામાં

આવેલ છે. સદર ગાડીના રીપેરીંગ કામ અંદાજીત ખર્ચ રૂા. ૨૮,૦૦૦/– થી ૨૯,૦૦૦/– સુધીનો જણાવેલ છે. સદર ગાડી રીપેરીંગ કર્યા બાદ ૨૫ થી ૩૦ હજાર કિ.મી. જેટલી વાપરી શકાશે તેવું મિકેનીક ધ્વારા મૌખિક જણાવવામાં આવેલ છે , પરંતુ તેની વેચાણ કિંમત બાબતે તેઓએ કોઈ સ્પષ્ટતા કરેલ ન કરતાં એમ જણાવેલ છે કે ગાડી ની વેચાણકિંમત ખરીદનાર વ્યકિત પર આધાર રાખે છે.

વધુમાં આ ગાડી તા: ૮–૧૨–૯૪ ના રોજ ખરીદવામાં આવેલ હોઈ હજુ તેને દસ વર્ષ પુરા થયેલ નથી. તેમજ તે ૯૫,૨૪૫ કિ.મી. વપરાયેલ હોઈ તેનું રીપેરીંગ કરાવવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત ગાડી ઝેનીથ ઓટોમોબાઈલ્સ, નાનપુરા, સુરત ખાતે રીપેરીંગ કરાવવાની મંજૂરી આપવામાં આવે છે.

(૭૦) યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં તા: ૨–૩–૨૦૦૩ થી Programmer on Contract Basis રૂા. ૯,૦૦૦/– માસીક ફીકસ્ડ પગારથી નિમવામાં આવેલ કુ. ફૌઝિયા દસાડિયાએ તેમના તા: ૩–૩–૨૦૦૩ના પત્રથી તેઓ અગાઉ Shairu Gems, Surat સુરતમાં Computer Consultant તરીકે ફરજ બજાવતાં હતાં ત્યાં કુલ રૂા. ૧૧,૦૦૦/– ( ૭,૦૦૦/– ચેક ધ્વારા + ૪,૦૦૦/– કેસ) મેળવતાં હતાં. જેના સંદર્ભમાં તેણીએ તેમના ઉપરોકત પગાર Protect કરવા કરેલ વિનંતિના સંદર્ભમાં તેણીનો પગાર રક્ષિત કરવા અન્યથા માસિક કેટલો પગાર આપવો તે અંગે વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કુ. ફૌઝિયા દસાડિયાને રૂા. ૯,૦૦૦/– માસીક ફીકસ્ડ પગાર આપવો.

યુનિવર્સિટી કાર્યાલય

સુરત. તા: ૨૮–૪–૨૦૦૩ **કુલસચિવ**

ક્રમાંક : એસ–૧(૧)/૩૪૬૭ તા: ૨૮–૪–૨૦૦૩

પ્રતિ,

સિન્ડિકેટ ના સર્વે સભ્યશ્રીઓ............